RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-247 ■ DATE : 02-02-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

સુવિચાર

તમારી વાણી વિચાર અને વર્તન જ નક્કી કરશે કે સામેનું પાત્ર ફરિયાદ કરશે કે ફરી યાદ...

જસદણ પાસે રૂ.૬.૧૬ લાખનો વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઇઃ ચાલક ફરાર P-4

દેશના અર્થતંત્રને ચેતનવંતુ બનાવવાનો નિર્મલાનો પ્રયાસ

કરવેરામાં કોઇ છૂટછાટ નહીંઃ ટી-૨૦ને બદલે ટેસ્ટ મેચ પર વિશ્વાસ રાખી આગળ વધવાનો નાણામંત્રીનો પ્રયાસઃ વૈશ્વિક પડકારો તથા વધતા ખર્ચને લક્ષ્યમાં રાખીને નીતિ વિષયક ધરખમ ફેરફારોનું જોખમ ટાળ્યું

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

કેન્દ્ર સરકારના નાણામંત્રી નિર્મલા સિતારામને સળંગ ૯મુ બજેટ રજુ કર્યું હતું. લાંબાગાળાના અર્થતંત્ર-વિકાસ પર ફોક્સ કરવામાં આવ્યું છે. નિષ્ણાંતો બજેટને જુદી-જુદી દ્રષ્ટિએ નિહાળે છે છતાં પ્રવર્તમાન વૈશ્વિક પડકારો તથા આર્થિક પરિસ્થિતિનો સામનો કરીને લાંબાગાળા પર દ્રષ્ટિ રાખવામાં આવી છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે આગામી શનિવારથી શરૂ થતાં ટી-૨૦ વર્લ્ડકપ પૂર્વે દેશમાં ભલે ક્રિકેટનો માહોલ છવાયો હોય પરંતુ નાણાં મંત્રીએ બજેટમાં ટેસ્ટ મેચ જેવું વલણ અપનાવ્યું છે. 'ટુ-ધ-પોઇન્ટ' બજેટને લાંબા ગાળાના વિકાસ પર કેન્દ્રીત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મોદી સરકારના છેલ્લા બે કાર્યકાળ ચકાસવામાં આવે તો સરકાર ટર્મના ત્રીજા બજેટથી ચૂંટણી મોડમાં આવી જતી હોય છે.

બજેટમાં ખાસ કરીને યુવા તથે જેન-ઝેડને લક્ષમાં રાખીને ભવિષ્યના વિઝન તથા રોડમેપને દર્શાવવાની કોશિષ કરવામાં આવી છે. આ સિવાય વૈશ્વિક સ્તરે ભૌગોલિક અશાંતિ અને આર્થિક અસ્થિરતા છે તેને પણ લક્ષ્યમાં રાખવામાં આવ્યું છે.

ટેરિફ વોર તથા યુધ્ધના વાદળોને ધ્યાને રાખીને મોટું જોખમ લેવાનો કે નીતિવિષયક બદલાવ કરવાનો પ્રયાસ કરાયો નથી કારણ કે વૈશ્વિક ઘટનાક્રમ કઇ દિશામાં જશે તે નક્કી થઇ શકે તેમ નથી.

આ જ કારણોસર લોકપ્રિય યોજનાઓ-દરખાસ્તો કે સામાન્ય વર્ગને ભેટની જાહેરાતો કરવામાં આવી નથી. ગત વર્ષે ઇન્કમટેક્સમાં મોટી રાહત આપવામાં આવી હતી. ત્યાર પછી જીએસટીમાં પણ કાપ મુકાયો હતો.

તેનો પ્રભાવ હજુ છે એટલે કરવેરા મોરચે કોઇ બદલાવ કરવામાં આવ્યો નથી. કોઇપણ વર્ગને લલચાવવાની કોશિષ કરવામાં આવી નથી. ચૂંટણીવાળા રાજ્યોને માટે વધુ જાહેરાતો છે છતાં કોઇ સાથે દુશ્મનની કે દોસ્તીની છાપ નથી.

આર્થિક સર્વેની જેમ બજેટમાં પણ આર્થિક ક્ષેત્રના પડકારોનો સંદેશ આપવામાં આવ્યો છે. વધતા ખર્ચ તથા લોન વચ્ચે સંતૂલન સર્જવાના પડકાર તથા રાજ્યોમાં વધતા ખર્ચ પર ચિંતા વ્યકત કરવામાં આવી છે. છેલ્લા કેટલાંક વર્ષોથી આ મુદ્દાને સંકટના વાદળો સમાન ગણવામાં આવે જ છે.

સમાન તક માટે દરેક જિલ્લામાં કન્યા છાત્રાલય

બજેટ મહિલાઓને નોંધપાત્ર પ્રોત્સાહન આપે છે. મહિલા વિદ્યાર્થીઓને સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવા માટે, દરેક જિલ્લામાં કન્યા છાત્રાલયો બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે એક નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ મહિલાઓને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહિત કરવાનો અને તેમના ઉત્પાદનોની બજાર સુધી પહોંચાડવા પર કેન્દ્રિત કરાશે. આ પહેલ લખપતિ દીદી કાર્યક્રમની સફળતા પર આધારિત છે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવશે.

ખેડૂતોની આવક વધારવા, ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા પર ભાર

બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોને પુનર્જીવિત કરવા માટે મહત્વાકાંક્ષી યોજનાઓની જાહેરાત કરી છે. સરકારનું મુખ્ય ધ્યાન ખેડૂતોની આવક વધારવા, પશુપાલનમાં રોજગારીનું સર્જન કરવા અને ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિક બનાવવા પર છે. નાણામંત્રીએ દરિયાકાંઠાના વિસ્તારોમાં નારિયેળ, ચંદન, કોકો અને કાજુ જેવા પાકોને સહાય આપીને ઉચ્ચ મૂલ્યની કૃષિ પર ભાર મૂકવામાં આવ્યો હતો. મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં, ૫૦૦ જળાશયો અને અમૃત સરોવરો વિકસાવવામાં આવશે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં મૂલ્ય શૃંખલાને મજબૂત બનાવવામાં આવશે.

હાઇ-સ્પીડ કોરિડોર રેલવેનો ચહેરો બદલી નાખશે

નાણામંત્રી નિર્મલા સીતારમણે ૨૦૨૬ ના બજેટમાં ભારતીય રેલ્વેને કાયાકલ્પ કરવા માટે એક સીમાચિહ્નરૂપ જાહેરાત કરી. તેમણે પશ્ચિમ બંગાળના દાનકુની અને ગુજરાતના સુરત વચ્ચે સાત હાઇ-સ્પીડ કોરિડોર અને એક નવા એસી ફ્રેઇટ કોરિડોરના નિર્માણનો પ્રસ્તાવ મૂક્યો. આ કોરિડોર મુંબઈ અને પુણે, પુણે અને હૈદરાબાદ અને ચેન્નાઈ, ચેન્નઇ અને બેંગલુ, દિલ્હી અને વારાણસી અને વારાણસી અને સિલિગુડી વચ્ચે વિકસિત થશે.૦૭ હાઇ સ્પીડ રેલ કોરિડોર વિકસિત કરાશે

Petrol & Diesel Rate

પેટ્રોલ	રૂ. ૯૪.૨૯/લીટર
ડીઝલ	રૂ. ૮૯.૯૮/લીટર
CNG	રૂ. ૭૭.૦૦/કિલો

	સોનુ	ચાંદી
	₹૧,૫૧,૫૮૦	₹૩,૦૦,૦૦૦
	-૯,૦૫૦	-૫૦,૦૦૦
Today Rate	(૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	(૧ કિલો)

ડોલર	પાઉન્ડ
₹૯૧.૬૨	₹૧૨૫.33

સોનુ-ચાંદી ધડામઃ ચાંદીમાં ૧૬૦૦૦નો કડાકો

ચાંદીનો ભાવ MCX પર તુટીને રૂ.૨,૪૯,૭૧૩ : ૨૪ કેરેટ સોનાનો આજનો નવો ભાવ રૂ.૧,૪૩,૩૨૧

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સોના અને ચાંદીના ભાવ સતત ત્રીજા દિવસે ઘટ્યા છે. આજે MCX પર શરૂઆતના વેપારમાં ચાંદીના ભાવ લગભગ રૂ.૧૬,૦૦૦ ઘટ્યા. સોનાના ભાવ પણ રૂ.૪,૫૦૦ ઘટ્યા. ૫ માર્ચ ડિલિવરી માટે ચાંદી પાછલા સત્રમાં રૂ.૨,૬૫,૬૫૨ પ્રતિ કિલો પર બંધ થઈ. આજે, તે રૂ.૨,૬૭,૫૦૧ પર ખુલી પરંતુ ઝડપથી ઘટવા લાગી. સવારે ૯૩૦ વાગ્યે, તે રૂ.૨,૪૯,૭૧૩ પર ટ્રેડ થઈ રહી હતી, જે રૂ.૧૫,૯૩૯ અથવા ૬% ઘટી ગઈ છે. ત્રણ દિવસમાં ચાંદીના ભાવ રૂ.૧.૫ લાખથી વધુ ઘટ્યા છે.

દરમિયાન, સોનાના ભાવ પણ ઘટ્યા છે. ૨ એપ્રિલ ડિલિવરી માટે સોનાનો ભાવ લગભગ રૂ.૪,૫૦૦ અથવા ૩% ઘટીને રૂ.૧,૪૭,૭૫૩ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો અને આજે રૂ.૧,૪૬,૦૦૦ પર ખુલ્યો હતો. સવારે ૯૩૯ વાગ્યે, તે ૪,૪૩૨ રૂપિયા ઘટીને ૧,૪૩,૩૨૧ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો હતો.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો. સ્પોટ ગોલ્ડ ૩.૩% ઘટીને ૪,૭૦૩.૨૭ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યો હતો. પાછલા સત્રમાં તે ૫% થી વધુ ઘટીને બે અઠવાડિયામાં તેના સૌથી નીચા સ્તરે પહોંચ્યો હતો. એપ્રિલ ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ પણ ૦.૩% ઘટીને ૪,૭૨૯.૨૦ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યો હતો. સ્પોટ સિલ્વર પણ ૫% ઘટીને ૮૦.૨૮ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યો હતો. ગુરુવારે તે ૧૨૧.૬૪ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો.

સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. બજેટના દિવસે નોંધપાત્ર ઘટાડા પછી, સોમવારે મલ્ટિ કોમોડિટી એક્સચેન્જ પર ફ્યુચર્સ ટ્રેડિંગ શરૂ થતાં જ બંને કિમતી ધાતુઓમાં વધુ ઘટાડો થયો. MCX પર ૧ કિલો ચાંદીનો ભાવ લગભગ રૂ.૧૬,૦૦૦ ઘટ્યો હતો, જ્યારે MCX પર ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો વાયદા ભાવ રૂ.૪,૦૦૦ થી વધુ ઘટ્યો હતો.

ગયા અઠવાડિયે ગુરુવારે ઇતિહાસમાં પહેલીવાર રૂ.૪ લાખને પાર કર્યા પછી ચાંદીના ભાવ સતત તૂટી રહ્યા છે. રવિવારે, બજેટ ૨૦૨૬ ના દિવસે, જ્યારે અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવારે MCX પર કોમોડિટી ટ્રેડિંગ શરૂ થયું, ત્યારે ચાંદી ખુલતા જ વધુ સસ્તી થઈ ગઈ.

ચાંદીના ભાવ છેલ્લા ટ્રેડિંગ દિવસે ઝડપથી ઘટ્યા અને પછી સુધરીને, અંતે રૂ.૨૬૫,૬૫૨ પર બંધ થયા. સોમવારે ટ્રેડિંગ શરૂ થતાં જ, તે ઘટીને રૂ.૨૫૫,૬૫૨ પ્રતિ કિલો થઈ ગયું, અને થોડી મિનિટો પછી રૂ.૨૪૯,૭૧૩ પ્રતિ કિલો થઈ ગયું. આનો અર્થ એ થયો કે ચાંદીના વાયદા રૂ.૧૫,૯૪૩ સસ્તા થઈ ગયા છે.

ચાંદી તાજેતરના દિવસોમાં જોવા મળેલા વધારા કરતાં વધુ ઝડપથી ઘટી રહી છે. ગયા ગુરુવારે, MCX પર ૫ માર્ચની સમાપ્તિ સાથે ચાંદીના વાયદાએ બધા રેકોર્ડ તોડી નાખ્યા, રૂ.૪૨૦,૦૪૮ ની નવી આજીવન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગયા. જોકે, હવે ભાવ આ સ્તરથી રૂ.૧૭૦,૩૩૫ ઘટી ગયો છે.

કાશ્મીરના બારામુલ્લામાં ૪.૭ આંદામાનમાં ૪.૬ની તીવ્રતાનો ભૂકંપ

દેશના જુદા-જુદા ક્ષેત્રોમાં ભૂકંપના હળવા આંચકાનો સિલસિલો જારી રહ્યો હોય તેમ આજે કાશ્મીરના બારામુલ્લામાં ૪.૭ની તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો. લોકો-પ્રવાસીઓમાં ફફડાટ ઉભો થયો હતો. સિસ્મોલોજી સેન્ટરના રિપોર્ટ પ્રમાણે આજે વ્હેલીસવારે ૫.૩૫ વાગ્યે ૪.૭ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો હતો. જેનુ કેન્દ્રબિંદુ જીલ્લાના પટ્ટાન ક્ષેત્રમાં ૧૦ કિલોમીટરની ઉંડાઈએ હતી. પાકિસ્તાનના સરહદી ભાગોમાં પણ ધ્રુજારી હતી. ભૂકંપના આંચકાથી જાનમાલને કોઈ નુકશાની નથી છતાં સોશ્યલ મીડીયામાં વાઈરલ વિડીયોમાં ભૂકંપની અસરથી ધ્રુજતી ચીજો જોવા મળતી હતી. બારામુલ્લા ઉપરાંત આજે પરોઢિયે ૩.૩૦ વાગ્યે આંદામાન-નિકોબારમાં પણ ૪.૬ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો.

તંબાકુના શોખીનો માટે આઘાતજનક સમાચાર!: ધૂમ્રપાન મોંઘુ થયું

ગોલ્ડ ફ્લેક લાઇટ્સ, વિલ્સ ક્લાસિક, વિલ્સ ક્લાસિક માઇલ્ડની કિંમત રૂા.૧૭૦ હતી તે હવે રૂા.૨૨૫ થઇ શકે છે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સિગરેટના વ્યસનીઓ માટે ખરાબ ખબર છે. વધારાતો ઉત્પાદન ચાર્જ લાગુ થયા બાદ રવિવારથી સિગરેટના ભાવમાં ૧૦ સિગરેટના પેકેટ પર ઓછામાં ઓછા ૨૨થી ૨૫ રૂપિયા સુધીનો વધારો થઈ ગયો છે. વિતરકોના મુજબ ૭૬ મી.મી. લંબાઈ વાળી પ્રીમીયમ સિગરેટ હવે બ્રાન્ડના હિસાબે ૧૦ સિગરેટના પેકેટ પર ૫૦થી ૫૫ રૂપિયા સુધી મોંઘી થઈ ગઈ છે.

જોકે કંપનીઓએ હજુ નવી અધિકતમ છુટક કિંમત (એમઆરપી) જાહેર નથી કરી, પરંતુ વિતરણ જુના સ્ટોકનું બિલીંગ છુટક વિક્રેતાઓને ૪૦ ટકા જીએસટી સાથે કરી રહ્યા છે. રવિવારે જથ્થાબંધ બજાર બંધ રહેવાના કારણે વેપારીઓને આશા છે કે આજે નવી કિંમતો વાળો નવો માલ બજારમાં આવશે.

લોકપ્રિય મધ્યમ શ્રેણીની સિગરેટ વિલ્સ નેવી કટ જેની કિંમત પહેલા ૯૫ રૂપિયા દર પેકેટ હતી તે હવે લગભગ ૧૨૦ રૂપિયા થઈ શકે છે. આ જ રીતે ૮૪ મી.મી. લંબાઈ વાળી સીગરેટ જેમ કે ગોલ્ડ ફ્લેક લાઈટસ વિલ્સ કલાસીક અને વિલ્સ કલાસીક માઈલ્ડસ કે જેની કિંમત પહેલા ૧૭૦ રૂપિયા દર પેકેટે હતી.

હવે તેની કિંમત ૨૨૦થી ૨૨૫ રૂપિયા તઈ શકે છે. જયારે પાતળી સીગરેટ કલાસીક કનેકટ જે ૨૦ સિગરેટના પેકેટમાં ૩૦૦ રૂપિયામાં મળતી હતી હવે તે લગભગ ૩૪૦ રૂપિયાના ભાવે મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે, સીગરેટ અને તમાકુના ઉત્પાદનો પર વધારાનો ઉત્પાદન ચાર્જ અને પાન મસાલા પર સ્વાસ્થ્ય ઉપકર ૧ ફેબ્રુઆરી લાગુ થઈ ગયો છે. આ જીએસટીની ઉચ્ચતમ દર ૪૦ ટકાના દરથી ઉપરનો લગાવાયો છે.

આ ઉપરાંત ૧ ફેબ્રુઆરીથી તમાકુ ઉત્પાદનો (ચાવવાની તમાકુ ફિલ્ટર તમાકુ, જર્દાયુકત સુગંધીત તમાકુ અને ગુટખા) માટે અધિકતમ છુટક મૂલ્ય આધારીત મૂલ્યાંકનની નવી વ્યવસ્થા શરૂ થઈ ગઈ છે. જે અંતર્ગત જીએસટી નિર્ધારણ પેકેટ પર જાહેર છુટક વેચાણ મૂલ્યના આધારે કરાશે.

વર્લ્ડ કપમાં ભારત સાથેના મેચનો બહિષ્કાર પાક.ને ભારે પડશે

આઇસીસી ભારે દંડ ફટકારશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

પાકિસ્તાન સરકારના એક વિવાદાસ્પદ નિર્ણયને કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ સામસામે આવી ગયા છે. પાકિસ્તાન સરકારે રવિવારે રાત્રે જાહેરાત કરી કે તેમની ટીમ ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં રમશે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામે યોજાનાર હાઈ-પ્રોફાઈલ મેચનો બહિષ્કાર કરશે. ICC એ આ 'પસંદગીના સહભાગી' થવાના નિર્ણય સામે સખત વાંધો ઉઠાવ્યો છે અને પાકિસ્તાન પર અનેક પ્રતિબંધો લાદવાની તૈયારી કરી લીધી છે.

પાકિસ્તાન સરકારે આ નિર્ણય બાંગ્લાદેશના સમર્થનમાં લીધો હોવાનું મનાય છે. વાસ્તવમાં, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સુરક્ષા કારણોસર ભારતમાં રમવાનો ઇનકાર કર્યો હતો, જેના પગલે ICC એ બાંગ્લાદેશને સ્કોટલેન્ડ દ્વારા બદલી નાખ્યું હતું. આ ઘટના બાદ પાકિસ્તાન સરકારે ભારત સામેના મેચનો બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો છે. જોકે, PCB પાસે ICC અને BCC સાથે તટસ્થ સ્થળે મેચ રમવાનો બંધનકર્તા કરાર છે, જેનું ઉલ્લંઘન હવે તેમને ભારે પડી શકે છે.

જો પાકિસ્તાન ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોના મેદાન પર નહીં ઉતરે, તો ICCના નિયમ મુજબ ભારતને 'વૉકઓવર' આપવામાં આવશે. એટલે કે ભારતીય ટીમને રમ્યા વગર જ ૨ પોઈન્ટ્સ મળશે, જે સેમીફાઈનલની રેસમાં ભારત માટે ફાયદાકારક રહેશે.

એ સ્પષ્ટ કર્યું છે કે વર્લ્ડ કપ જેવી વૈશ્વિક ઈવેન્ટમાં દરેક પાત્રતા ધરાવતી ટીમે નિર્ધારિત કાર્યક્રમ મુજબ રમવું જ પડે છે અને સરકારની નીતિઓને રમતમાં લાવવી તે ખેલ ભાવના વિરુદ્ધ છે.

ગિફ્ટ સિટીમાં રોકાણકારોને આકર્ષવા નિર્મલા સિતારમણે કરી મહત્વની જાહેરાત

મુખ્ય સમાચાર, ગાંધીનગર

દેશની પ્રથમ સ્માર્ટ સિટી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી)માં રોકાણકારોને આકર્ષવા બજેટમાં મોટી જાહેરાત થઈ હતી. જે મુજબ ગિફ્ટ સિટીમાં ૨૦ વર્ષ માટે ટેક્સમાં છૂટ આપવામાં આવી હતી. કેન્દ્રીય બજેટની જાહેરાતો અનુસાર, GIFT સિટીમાં સ્થપાયેલા એકમો હવે ૨૦ વર્ષના ટેક્સ હોલિડે (કર મુક્તિ) માટે પાત્ર બનશે, જે અગાઉના ૧૦ વર્ષના લાભ કરતા બમણો છે. ફાઈનાન્સ બિલમાં જણાવ્યા મુજબ, આ ટેક્સ હોલિડેનો સમયગાળો પૂરો થયા પછી, આ એકમો પર ૧૫% ના રાહત દરે ટેક્સ લાગશે.

કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરની સ્પર્ધાત્મકતા વધારવા માટે, સેક્શન ૧૪૭ હેઠળ કપાતનો સમયગાળો વધારીને ૨૫ વર્ષમાંથી ૨૦ સતત વર્ષો માટે અને OBU (ઓફશોર બેંકિંગ યુનિટ્સ) માટે ૨૦ સતત વર્ષો કરવાની દરખાસ્ત છે. કપાતનો સમયગાળો પૂરો થયા પછી IFSC ના આ એકમોની વ્યવસાયિક આવક પર ૧૫% ના દરે ટેક્સ લેવામાં આવશે. તેની સરખામણીમાં, ભારત-માં અન્ય સ્થળોએ કાર્યરત વિદેશી કંપનીઓએ તેમની આવક પર અંદાજે ૩૫% ટેક્સ ચૂકવવો પડે છે. તેની સામે GIFT સિટીમાં માત્ર ૧૫% ટેક્સ એક મોટું આકર્ષણ બનશે. સરકારે ટ્રેઝરી સેન્ટર્સ માટે ડીમ્ડ ડિવિડન્ડ ની જોગવાઈઓને તર્કસંગત બનાવવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે.

ગાંધીનગરમાં આવેલું GIFT સિટી ભારતનું પ્રથમ ઓફશોર-સ્ટાઈલ' ફાઈનાન્શિયલ સેન્ટર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. આ નિર્ણયને આવકારતા GIFT સિટીના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ CEO સંજય કૌલે જણાવ્યું હતું કે, આ બજેટ દેશના પ્રથમ IFSC માંથી વ્યવસાય કરતા એકમો માટે લાંબા ગાળાની ટેક્સ નિતિતા પ્રદાન કરે છે, જે ભારતની ઓફશોર નાણાકીય સ્પર્ધાત્મકતામાં વધારો કરશે. આ પગલાં GIFT સિટીને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક નાણાકીય ડેસ્ટિનેશન તરીકે વધુ મજબૂત બનાવશે.

રાજકોટ કલેક્ટર કચેરી અને જૂનાગઢ જિલ્લા કોર્ટને ઉડાવી દેવાની ધમકી

ધમકીભર્યો મેલ મળતા પોલીસ એલર્ટ; પરિસર ખાલી કરાવી બોમ્બ-ડોગ સ્ક્વોડથી સર્ચ

મુખ્ય સમાચાર, જૂનાગઢ

જૂનાગઢ શહેરની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. કોર્ટના સત્તાવાર ઈ-મેલ આઈડી પર મેલ આવ્યો છે કે ૨૧૦ વાગ્યે ત્રણ બોમ્બ કોર્ટમાં ફૂટશે. મેલ મળતાની સાથે જ કોર્ટના અધિકારીઓએ તુરંત પોલીસ વિભાગને જાણ કરી હતી, જેના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે ઉતરી પડ્યો હતો. બીજી તરફ રાજકોટ કલેક્ટર કચેરીને પણ ઇમેલ કરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જો કે કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. ઉલ્લેખનીય છે કે, ગત ૧૧ એપ્રિલના રોજ પણ જિલ્લા કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવા ધમકી મળી હતી.

જૂનાગઢ હિતેશ ધાંધલીયા સાથે વાત કરતા તેમણે દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે કોર્ટના સત્તાવાર ઈ-મેલ આઈડી પર મેલ આવ્યો છે કે ૨૧૦ વાગ્યે ત્રણ બોમ્બ કોર્ટમાં ફૂટશે. હાલ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે અને પોલીસ સ્ટાફને કોર્ટ પરિસરમાં ગોઠવી દેવામાં આવ્યો છે. જેટલા પણ લોકો અને જે કોર્ટનો સ્ટાફ કોર્ટમાં હાજર છે તેને બહાર ખસેડવામાં આવ્યો છે.

ધમકીભર્યા મેલની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જૂનાગઢ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ધોરણે કોર્ટ પરિસરે પહોંચી ગઈ હતી. સાવચેતીના ભાગરૂપે પોલીસે સમગ્ર કોર્ટ બિલ્ડિંગને ખાલી કરાવવાની પ્રક્રિયા હાથ ધરી હતી. વકીલો, અસીલો અને કોર્ટ સ્ટાફને તાબડતોબ સુરક્ષિત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી હતી. અચાનક કોર્ટ ખાલી કરાવવામાં આવતા લોકોમાં થોડા સમય માટે ભય અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસે કોર્ટના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ સીલ કરી દઈને સુરક્ષા કોર્ડન ગોઠવી દીધું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ધ્રોલ એસ.ટી.ડેપો વર્કશોપ તથા જોડિયા એસ.ટી.બસ સ્ટેશનનો ખાતમુહૂર્ત સમારોહ યોજાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર ધ્રોલ ખાતે રૂ. ૬.૬૩ કરોડના ખર્ચે નિર્મિત થશે આધુનિક એસ.ટી. ડેપો વર્કશોપ તથા જોડિયા ખાતે રૂ. ૫.૩૫ કરોડના ખર્ચે આકાર પામશે નવીન એસ.ટી. બસ સ્ટેશન.એસ.ટી. વિભાગ કોઈ પણ કમાણીની અપેક્ષા વગર નાગરિકો માટે સલામત મુસાફરીનું સબળ માધ્યમ બન્યું છે.મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા.રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને ધ્રોલ ખાતે રૂ. ૬.૬૩ કરોડના ખર્ચે નિર્મિત થનાર આધુનિક એસ.ટી. ડેપો વર્કશોપ તથા જોડિયા ખાતે રૂ. ૫.૩૫ કરોડના ખર્ચે આકાર પામનાર નવીન એસ.ટી. બસ સ્ટેશનનો ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ તથા મેઘજીભાઈ ચાવડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, આ નવીન પ્રકલ્પોના નિર્માણથી નાગરિકોની સુખાકારીમાં વૃદ્ધિ થશે અને પરિવહનના નવા રૂટ ઉપલબ્ધ બનશે. એક સમયે ખખડધજ સ્થિતિ-માં રહેલ એસ.ટી. નિગમે આજે કાયાપલટ કરી છે. આજે એ.સી., વોલ્વો અને સ્લીપર કોચ જેવી સુવિધાઓથી એસ.ટી. વધુ લોકભોગ્ય બની છે. સરકારના દ્રષ્ટિકોણને કારણે મહાનગરોના બસ સ્ટેશનો આજે એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ ધરાવતા થયા છે. મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, એસ.ટી. વિભાગ કોઈ પણ કમાણીની અપેક્ષા વગર ગરીબ અને મધ્યમ વર્ગ માટે સલામત મુસાફરીનું માધ્યમ બન્યું છે,જેમાં વિદ્યાર્થી અને દિવ્યાંગ પાસ જેવી યોજનાઓ લાખો લોકોને સહાયરૂપ બની રહી છે.આ પ્રસંગે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ અને મેઘજીભાઈ ચાવડાએ સરકારની વિકાસલક્ષી કટિબદ્ધતાને બિરદાવી લોકોને આ જાહેર મિલકતોની જાળવણી કરવા અનુરોધ કર્યો હતો.કાર્યક્રમની શરૂઆતમાં જામનગર એસ.ટી. વિભાગીય નિયામક બી.સી.જાડેજાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, નિવાસી અધિક કલેક્ટર એસ.એમ. કાથડ, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચંદ્રિકાબેન અઘેરા, પ્રવીણાબેન ચભાડીયા, લખધીરસિંહ જાડેજા, તેમજ આગેવાનો ડો. વિનુભાઈ ભંડેરી, રમેશભાઈ મૂંગરા, ભવદીપ પંડ્યા, ડી.ડી. જીવાણી, અભિષેક પટવા સહિતના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ધ્રોલ ડેપો વર્કશોપની સુવિધાઓ.રાજ્ય સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે મળેલી સહાય અંતર્ગત જામનગર એસ.ટી. વિભાગના ધ્રોલ મુકામે એક આધુનિક સુવિધાયુક્ત નવીન ડેપો-વર્કશોપનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કુલ ૩૪,૨૩૯.૩૪ ચો.મી. જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે અને તેનો અંદાજિત ખર્ચ રૂ.૬૬૩ લાખ રૂ. ૬.૬૩ કરોડ.જેટલો થશે. આ વર્કશોપ આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર ધરાવતું હશે, જેમાં કુલ ૧૫૪૭.૮૨ ચો.મી. માં બાંધકામ કરવામાં આવશે.આ નવીન ડેપોમાં વહીવટી અને ટેકનિકલ એમ બંને પ્રકારની સવલતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. જેમાં ડેપો મેનેજરની ઓફિસ, એડમીન રૂમ, સ્ટોર રૂમ, તેમજ સ્પેરપાર્ટ્સ માટે ટાયર, બેટરી, ઓઈલ અને ઈલેક્ટ્રિક માટે અલગ રૂમોની વ્યવસ્થા છે. બસોના મેઈન્ટેનન્સ માટે બે લોન્ગ પીટ અને એક યુ પીટ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, ગ્રાઉન્ડ ફ્લોર પર વોટર રૂમ અને આશરે ૩૯૮૬.૩૫ ચો.મી. વિસ્તારમાં સી.સી. ટ્રી-મીક્ષ ફ્લોરીંગ કરવામાં આવશે. જ્યારે પ્રથમ માળ પર કર્મચારીઓ માટે વર્કર રૂમ, રેકોર્ડ રૂમ અને મહિલાઓ માટે ટોઈલેટની સુવિધા સાથેનો લેડીઝ રેસ્ટ રૂમ પણ બનાવવામાં આવશે.જોડીયા એસ.ટી.બસ સ્ટેશનની સવલતો.રાજ્ય સરકાર દ્વારા જામનગર એસ.ટી. વિભાગના જોડીયા મુકામે આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર ધરાવતા એક આધુનિક બસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે કુલ ૪૦૦૦.૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે અને તેની કુલ અંદાજિત કિંમત રૂ. ૫૩૫.૦૦ લાખ ૫.૩૫ કરોડ.જેટલી થશે.આ બસ સ્ટેશનના ગ્રાઉન્ડ ફ્લોર પર કુલ ૫૪૦.૦૦ ચો.મી. માં બાંધકામ થશે, જેમાં મુસાફરોની સુવિધા માટે ૫ પ્લેટફોર્મ બનાવવામાં આવશે.

મુસાફરોની સગવડ માટે અહીં ૧૬૨.૭૫ ચો.મી.નો વિશાળ વેઈટીંગ હોલ, કેન્ટીન, વોટર રૂમ અને ૪ વિવિધ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે. વહીવટી જરૂરિયાતો માટે કંટ્રોલર રૂમ, ઈલેક્ટ્રિક રૂમ અને પાર્સલ રૂમનો સમાવેશ થાય છે.આ ઉપરાંત, મહિલા મુસાફરો માટે અલગ લેડીઝ રેસ્ટ રૂમ ટોઈલેટ સહિત તથા પુરુષ અને સ્ત્રી મુસાફરો માટે અલગ શૌચાલય બ્લોકની સુવિધા આપવામાં આવી છે. ડ્રાઈવર અને કંડક્ટર માટે પણ શૌચાલય સાથેનો અલગ રેસ્ટ રૂમ બનાવવામાં આવશે. બસ સ્ટેશનના સરક્યુલેશન વિસ્તારમાં ૨૬૩૦.૦૦ ચો.મી. માં સી.સી. ટ્રી-મીક્ષ ફ્લોરીંગ કરવામાં આવશે અને વિકલાંગ વ્યક્તિઓ માટે ખાસ પ્રકારના શૌચાલય તથા સ્લોપિંગ રેમ્પની સુવિધા પૂરી પાડવામાં આવશે.

પીપળીયા ચાર રસ્તા પાસે મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો, એકની અટક

માળીયા(મી) પોલીસે એક આરોપીની ધરપકડ કરી ૯ મોબાઈલ જપ્ત કર્યા

મુખ્ય સમાચાર, મોરબી

પીપળીયા ચાર રસ્તા પાસે આવેલી મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીનો ભેદ માળીયા(મી) પોલીસે ઉકેલ્યો છે. પોલીસે પૂર્વ બાતમીને આધારે માળીયા ખાતેથી આરોપીને દબોચી લીધો હતો. આ સાથે આરોપી પાસેથી કુલ ૯ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે.

પીપળીયા ચાર રસ્તા પાસે આવેલી એક મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીના બનાવને લઈને માળીયા(મી) પોલીસ સ્ટેશનના પીઆઈના માર્ગદર્શન અને સૂચના હેઠળ સર્વેલન્સ ટીમ સક્રિય રીતે તપાસ કરી રહી હતી. આ દરમિયાન સર્વેલન્સ સ્ટાફને હ્યુમન ઈન્ટેલીજન્સ મારફતે ખાનગીરાહે બાતમી મળી હતી કે, દુકાનમાંથી ચોરી કરનાર ઇસમ માળીયા(મી) ખાતે ચોરાયેલા મોબાઈલ વેચાણ કરવા માટે આવનાર છે. જેથી મળેલ બાતમીના આધારે પોલીસ દ્વારા વોચ ગોઠવી હતી, તે દરમિયાન આરોપી ભરતભાઈ કરશનભાઈ ભાટી રહે. માંડવી જીલ્લો કચ્છ વાળો આવતા તેને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની તપાસ કરતા તેના પાસેથી કુલ ૯ મોબાઈલ ફોન કિ.રૂ.૫૦,૦૦૦/- મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીએ પીપળીયા ચાર રસ્તા પાસેની મોબાઈલ દુકાનમાં ચોરી કર્યાની કબૂલાત આપી હતી. હાલ પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એકટીવામાં વિદેશી દારૂના ચાર ચપલા લઈ નીકળેલ યુવકની ધરપકડ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના માધાપર વિસ્તારમાં શેરી નં.૨ માંથી શંકાસ્પદ હાલતમાં એકટીવા રજી.નં. જીજે-૩૬-એએસ-૦૦૧૫ લઈને નીકળેલ શખ્સને સીટી એ ડિવિઝન પોલીસે રોકી તલાસી લેતા, એકટીવાની ડેકીમાંથી વિદેશી દારૂ બ્લેક જેગવાર રમની ૧૮૦મીલી.ની ૪ બોટલ કિ.રૂ.૧,૨૦૦/-મળી આવી હતી. જેથી તુરંત આરોપી ચિરાગભાઈ જગદીશભાઈ ગાંધી રહે. માધાપર શેરી નં.૨ મોરબી વાળાની અટક કરી હતી. આ સાથે પોલીસે એકટીવા સહિત રૂ.૧,૦૧,૨૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠસલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પોલીસ દ્વારા અરજદારોના અલગ અલગ સમયે ગુમ થયેલા ૧૫ મોબાઈલ શોધીને મૂળ માલિકને પરત આપવામાં આવ્યા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પંચકોષી બી ડિવિઝન પોલીસ દ્વારા અરજદારોના અલગ અલગ સમયે ગુમ થયેલા ૧૫ મોબાઈલ શોધીને મૂળ માલિકને પરત આપવામાં આવ્યા.પંચકોષી બી ડિવિઝન પોલીસ મથક હેઠળ આવતા જુદા જુદા વિસ્તારોમાંથી અરજદારોના મોબાઈલ ગુમ થયાની પોલીસ ફરિયાદ બાદ પોલીસ દ્વારા ટેકનિકલ સોર્સીસ તથા સીઈઆઈઆર પોર્ટલ એપ્લીકેશનના આધારે તપાસ હાથ ધરી હતી.જેમાં ગુમ થયેલા ૧૫ મોબાઈલ શોધી કાઢ્યા હતા. જેમાંથી ૦૧ મોબાઈલ ધાનપુર તથા ૦૧ ગાંધીધામ જિ.કચ્છ.તેમજ અન્ય મોબાઈલ જામનગર જિલ્લાના અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મળી આવ્યા હતા.જેથી મોબાઈલ ફોનના મુળ માલીકોને મોબાઈલ મળ્યા અંગેની જાણ કરી તેઓને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી અંદાજે કિ.રૂ.૨,૪૭,૯૯૦ ના મોબાઈલ પરત આપવામાં આવ્યા હતા.

મોરબીમાં નવયુગ ઈન્ટરનેશનલ પ્રિ સ્કૂલમાં "તરંગ ૪.૦" ની ભવ્ય અને ભાવસભર ઉજવણી

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીની નવયુગ ઈન્ટરનેશનલ પ્રિ સ્કૂલ દ્વારા આયોજિત વાર્ષિક કાર્યક્રમ "તરંગ ૪.૦" બાળકોની નિર્દોષતા, શિક્ષકોની નિષ્ઠા અને માતા-પિતાની સક્રિય ભાગીદારી સાથે ભવ્ય રીતે સંપન્ન થયો હતો. ખાસ કરીને પેરેન્ટ્સની મંચ પરની હાજરીએ કાર્યક્રમને વધુ યાદગાર અને ભાવનાત્મક બનાવ્યો હતો. નૃત્ય, સંગીત અને અભિનયથી સજ્જ આ કાર્યક્રમને ઉપસ્થિત મહેમાનો અને વાલીઓએ ભારોભાર વખાણ્યો હતો.

મોરબીની નામાંકિત નવયુગ ઈન્ટરનેશનલ પ્રિ સ્કૂલ દ્વારા આયોજિત વાર્ષિક કાર્યક્રમ "તરંગ ૪.૦" ઉત્સાહ, લાગણી અને પરિવ-ારભાવના સુંદર સંગમ સાથે ભવ્ય રીતે ઉજવાયો હતો. મહેમાનો, માતા-પિતા તથા વાલીઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમે બાળપણની નિર્દોષતા અને સંસ્કારસભર શિક્ષણનો જીવંત પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમની ખાસ વિશેષતા એ રહી કે તેમાં માત્ર નાનાં બાળકો નહીં પરંતુ તેઓના માતા-પિતાઓએ પણ સક્રિય રીતે ભાગ લીધો હતો. બાળક અને પેરેન્ટ એકસાથે મંચ પર જોવા મળતાં દ્રશ્યો અત્યંત ભાવનાત્મક અને યાદગાર બન્યા હતા. નાનાં બાળકો દ્વારા રજૂ કરાયેલા નૃત્ય, સંગીત અને અભિનયમાં પેરેન્ટ્સની હાજરીએ દર્શકો પાસેથી ઉમળકાભરી તાલીઓ મેળવી હતી. મંચ પર બાળકોનો આત્મવિશ્વાસ અને પેરેન્ટ્સનો ઉત્સાહ નવયુગ ઈન્ટરનેશનલ પ્રિ સ્કૂલના સંસ્કારસભર અને પરિવારને જોડતા શૈક્ષણિક વાતાવરણનો જીવંત દાખલો બન્યો હતો.

આ પ્રસંગે શાળાના પ્રમુખ પી.ડી. કાંજીયાએ જણાવ્યું હતું કે, "જ્યારે માતા-પિતા શિક્ષણ પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બને છે, ત્યારે બાળકનો આત્મવિશ્વાસ અને સર્વાંગી વિકાસ અનેક ગણો વધે છે. તરંગ ૪.૦ એ બાળકો, પેરેન્ટ્સ અને શિક્ષકો વચ્ચેના સુંદર સમન્વયને દર્શાવ્યો છે." તેમણે સમગ્ર સ્ટાફની નિષ્ઠા, આયોજન ક્ષમતા અને ટીમવર્કની પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખ પી.ડી. કાંજીયા, નવયુગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રંજનબેન કાંજીયા, મેનેજિંગ ટ્રસ્ટી બલદેવભાઈ સરસાવડિયા, ગ્રુપના સદસ્યો, મોરબી જીલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ નિલેશભાઈ કુંડારીયા, સંચાલક યોગેશભાઈ ઘેટીયા તથા નક્ષત્ર હોસ્પિટલના ડોક્ટર મહેન્દ્રભાઈ ફેફર ઉપસ્થિત રહ્યા હતા.

માળીયા(મી) પ્રોહીબીશનના ગુનામાં બે આરોપી પાસા તળે જેલ ધકેલાયા

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા મીયાણા વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા બે ઈસમો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. માળીયા(મી) પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવતાં મોરબી મેજીસ્ટ્રેટ દ્વારા બે આરોપીઓ સામે પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. જેના આધારે બંનેને અટકાયત કરી પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી મધ્યસ્થ જેલ ખાતે મોકલવામાં આવ્યા છે.

માળીયા(મી) વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનાઓને અંકુશમાં લેવા માટે માળીયા(મી) પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને માળીયા(મી) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા પ્રોહીબીશનના ગુનામાં વારંવાર સંડોવાયેલા ઇસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા દરખાસ્ત તૈયાર કરી

મોરબીના મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્યારે મેજીસ્ટ્રેટ દ્વારા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા બે આરોપી અલ્તાફભાઇ હસણભાઇ સંઘવાણી અને મકબુલભાઇ ગફુરભાઇ સામતાણી રહે. બંને વીર વિદરકા ગામ તા.માળીયા(મી) વાળા સામે પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. વોરંટ મળતાં જ માળીયા(મી) પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી બંને આરોપીઓને સત્વરે અટકાયત કરવામાં આવી હતી. પોલીસે બંને આરોપીઓને પાસા એક્ટ તળે ડિટેઈન કરી એકને મધ્યસ્થ જેલ ભાવનગર તથા બીજા આરોપીને મધ્યસ્થ જેલ જુનાગઢ ખાતે હવાલે કર્યા છે.

નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ને આવકારતું જામનગર શહેર ભાજપ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર ''ઓઈલ સીટી'' ની સાથે ''ગ્રીન એનર્જી'' તથા ''મેડિસિન ટુરિઝમ'' ની કેન્દ્ર બનશે.નાણામંત્રી નિર્મલા સીતારમને ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સંસદમાં રજૂ કરેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના લક્ષ્ય સાથે અનેક મહત્વની જાહેરાતો કરી છે. આ બજેટમાં મુખ્યત્વે ટેકનોલોજી, ખેતી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વ

ખેતી અને ગ્રામીણ વિકાસ બજેટ ફાળવણી કૃષિ ક્ષેત્ર માટે ૧.૬૩ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે ગયા વર્ષ કરતા ૭% વધુ. ભારત-વિસ્તાર Bharat-VISTAAR ખેડૂતોને ટેકનોલોજી અને સલાહ આપવા માટે બહુભાષી AI ટૂલ લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ઉચ્ચ મૂલ્યની ખેતી.નાળિયેર, ચંદન અને કાજુની ખેતીને પ્રોત્સાહન આપવા માટે ખાસ યોજનાઓ જાહેર કરી છે. મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ યોજના.ખાદી અને ગ્રામીણ હસ્તકલાને પ્રોત્સાહન આપવા માટે આ નવી યોજના શરૂ કરાશે.શિક્ષણ, આરોગ્ય અને ટેકનોલોજી AI શિક્ષણ.શિક્ષણ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ AI.માટે ૫૦૦ કરોડના ખર્ચે 'સેન્ટર ઓફ એક્સેલન્સ' સ્થાપવામાં આવશે. બાયોફાર્મા આગામી ૫ વર્ષમાં આ ક્ષેત્રમાં ૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે. કેન્સરની દવાઓ કેન્સરની ૧૭ જેટલી દવાઓ પર કસ્ટમ ડ્યુટી ઘટાડવામાં આવી છે, જેનાથી સારવાર સસ્તી થશે. ન્યુક્લિયર એનર્જી ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઉર્જા મેળવવા માટે 'ન્યુક્લિયર એનર્જી મિશન'ની જાહેરાત કરવામાં આવી છે.

ઉદ્યોગ અને MSME.SME ગ્રોથ ફંડ નાના ઉદ્યોગો MSMEs માટે ૧૦,૦૦૦ કરોડનું ગ્રોથ ફંડ બનાવવામાં આવ્યું છે.

ક્રિટિકલ મિનરલ્સ : લિથિયમ-આયન બેટરી અને અન્ય ૧૨ મહત્વના ખનીજો પરની કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે, જેનાથી ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને વેગ મળશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રાન્સપોર્ટ હાઈ-સ્પીડ રેલ.દેશમાં ૭ નવા હાઈ-સ્પીડ રેલ કોરિડોર બનાવવાની યોજના છે. રેલ્વે ફ્રેટ કોરિડોર પૂર્વમાં દાનકુનીથી પશ્ચિમમાં સુરતને જોડતો ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર બનાવવામાં આવશે. જળમાર્ગો આગામી ૫ વર્ષમાં ૨૦ નવા રાષ્ટ્રીય જળમાર્ગો કાર્યરત કરવામાં આવશે. કેપિટલ એક્સપેન્ડિચર Capex ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખર્ચનું લક્ષ્ય વધારીને ૧૨.૨ લાખ કરોડ કરવામાં આવ્યું છે.ઈન્કમ ટેક્સ આવકવેરો.આ વર્ષના બજેટમાં ટેક્સ સ્લેબ યથાવત રાખવામાં આવેલ છે, પરંતુ કરદાતાઓ માટે કેટલીક પ્રક્રિયાગત રાહતો આપવામાં આવી છે નવો ટેક્સ એક્ટ ૨૦૨૫ ૧ એપ્રિલ, ૨૦૨૬થી નવો ઈન્કમ ટેક્સ એક્ટ લાગુ થશે, જેનો હેતુ કર નિયમોને વધુ સરળ બનાવવાનો છે. ITR ફાઈલિંગ : રિટર્ન રિવાઈઝ કરવાની સમયમર્યાદા ૩૧ ડિસેમ્બરથી વધારીને ૩૧ માર્ચ કરવામાં આવી છે. TCSમાં રાહત : વિદેશી પ્રવાસના પેકેજ પર TCS Tax Collected at Source ઘટાડીને ફ્લેટ ૨% કરવામાં આવ્યો છે. અકસ્માત વળતર : મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલ MACT દ્વારા મળતા વ્યાજને ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં જામનગર શહેર માટે કેટલીક ખૂબ જ મહત્વની અને દૂરગામી અસરો ધરાવતી જાહેરાતો કરવામાં આવી છે. જામનગરને ગ્લોબલ હેલ્થ હબ તરીકે વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન GCTM. બજેટમાં જામનગરમાં આવેલા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનને અપગ્રેડ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ કેન્દ્રને પુરાવા-આધારિત સંશોધન, તાલીમ અને જાગૃતિ માટે વૈશ્વિક સ્તરે સજ્જ કરવામાં આવશે. આનાથી જામનગર વિશ્વભરમાં આયુર્વેદ અને પરંપરાગત ચિકિત્સાના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે.નવું આયુર્વેદિક એઈમ્સ AIIMS અને મેડિકલ સેન્ટર.દેશમાં ત્રણ નવી આયુર્વેદ એઈમ્સ Ayurveda AIIMS. સ્થાપવાની જાહેરાત થઈ છે, જેમાં જામનગરના હાલના આયુર્વેદિક સંકુલને વધુ આધુનિક સુવિધાઓ સાથે જોડવામાં આવી શકે છે. જામનગરમાં આયુર્વેદિક મેડિકલ સેન્ટર સ્થાપવાની પણ દરખાસ્ત છે, જે આયુર્વેદિક ઉત્પાદનોની નિકાસ વધારવામાં મદદ કરશે.બાયો-ફાર્મા અને શિક્ષણ NIPER.સરકારે ૧૦,૦૦૦ કરોડના ખર્ચે 'બાયો-ફાર્મા શક્તિ' યોજના જાહેર કરી છે. આ અંતર્ગત જામનગરમાં ફાર્માસ્યુટિકલ શિક્ષણ અને સંશોધન માટે NIPER National Institute of Pharmaceutical Education and Researchનું એક કેન્દ્ર સ્થાપવામાં આવશે અથવા તેને વિશેષ સહાય આપવામાં આવશે.

મેડિકલ ટુરિઝમ.જામનગરને મેડિકલ વેલ્યુ ટ્રાવેલ Medical Value Travel હબ તરીકે વિકસાવવાની યોજના છે. એટલે કે, વિદેશી નાગરિકો સારવાર માટે સીધા જામનગર આવે તેવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે.રિન્યુએબલ એનર્જી ગ્રીન હાઈડ્રોજન જામનગર વિસ્તારમાં જે રીતે મોટી રિફાઈનરીઓ અને એનર્જી પ્લાન્ટ્સ આવેલા છે, તે જોતા સરકારે ગ્રીન હાઈડ્રોજન મિશન માટે જે વધારાનું બજેટ ફાળવ્યું છે, તેનો મોટો હિસ્સો જામનગરના દરિયાકાંઠાના વિસ્તારોમાં રોકાણ તરીકે આવશે. આનાથી આગામી વર્ષોમાં જામનગર માત્ર ઓઈલ સિટી.નહીં પણ 'ગ્રીન એનર્જી સિટી' તરીકે ઓળખાશે.ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર સંગઠન, મંત્રી, ધારાભ્યો, કોર્પોરેટરો. મોરચાના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ દ્વારા નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટનું સીધું પ્રસારણ સામુહિક રીતે શહેર ભાજપ કાર્યાલય ખાતે સ્તરે નિહાળવામાં આવેલ.નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરાયેલ કેન્દ્રીય બજેટ માં 'વિકસિત ભારત' બનાવવાના લક્ષ્ય સાથે મુખ્યત્વે ટેકનોલોજી, ખેતી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે. આ કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ને શહેર ભારતીય જનતા પાર્ટી શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, મહામંત્રી વિજયસિંહ જેઠવા, ભાવેશ ઠુમ્મર, મૃગેશ દવે, રાજ્યમંત્રી રીવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેયર વિનોદ ખીમસુરિયાં, દંડક કેતન નાખવા, શિક્ષણ સમિતિ ચેરમેન પરષોત્તમ કકનાણી, શહેર સંગઠન ના હોદેદારો, કોર્પોરેટરઓ, શિક્ષણસમિતિ ના સભ્યો, વોર્ડ પ્રમુખો, પેઈજ પ્રમુખો, મોરચા ના અધ્યક્ષ પદાધિકારીઓ સહીત કાર્યકર્તાઓ દ્વારા આવકારવામાં આવેલ છે. ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગ કન્વીનર ભાર્ગવ ઠાકર ની અખબારી યાદી માં જણાવવામાં આવેલ છે.

જામનગર જિલ્લાની સરકારી શાળાઓમાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના માર્ગદર્શન હેઠાક જામનગર જિલ્લામાં.શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર દ્વારા જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં આ સપ્તાહ અંતર્ગત જાગૃતિ લક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સપ્તાહનો પ્રારંભ ન્યૂ સ્કૂલ દિગ્વિજયસિંહજી સરકારી શાળા ખાતેથી કરવામાં આવ્યો હતો, જ્યાં શાળાના આચાર્યના ઉદબોધન બાદ ગાંધીનગરથી 'વંદે ગુજરાત' ચેનલના માધ્યમથી વર્ચ્યુઅલ ઉદઘાટન નિહાળી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરાઈ હતી.સમગ્ર સપ્તાહ દરમિયાન ડિઝાસ્ટર મામલતદારના માર્ગદર્શન હેઠળ RTO ઈન્સ્પેક્ટર એસ.વી. રૂપાણી અને રોડ સેફ્ટી ટ્રેનર વનરાજ વેગડા દ્વારા માર્ગ સલામતીના નિયમોનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા કટોકટીના સમયે ઉપયોગી એવી પ્રાથમિક સારવાર અંગેના જીવંત નિદર્શનો રજૂ કરાયા હતા. પાંચ દિવસ સુધી ચાલેલા આ અભિયાનમાં રોડ સેફ્ટી, ૧૦૮ એમ્બ્યુલન્સ, GSFC, રિલાયન્સ, ફાયર બ્રિગેડ અને રેડ ક્રોસ સોસાયટી જેવા વિવિધ વિભાગોએ જોડાણ કરી વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન અને શું કરવું અને શું ન કરવું તે અંગે વિશેષ જાગૃત કર્યા હતા.આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન વિષય પર નિબંધ, ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાઓ તેમજ પોસ્ટર પ્રદર્શન યોજાયા હતા, જેના દ્વારા બાળકોમાં સલામતી પ્રત્યે સભાનતા કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

નેપાળી યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેરના હિમાલય સોસાયટીમાં નેપાળી યુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસમાં દોડધામ મચી ગયો છે અને યુવાનને માથાના ભાગે ઈજા હોવાથી પોલીસે હત્યાની આશંકાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.પોસ્ટ મોર્ટમના પ્રાથમિક રીપોર્ટની રાહ જોવાઈ રહી છે. છતાં પોલીસે હોટલમાં કામ કરતા સહકર્મચારીઓની પુછપરછ શરૂ કરીને યુવાનના પરિવારજનોને જાણ કરી છે.શહેરના ખોડીયાર કોલોની નજીક હિમાલય સોસાયટીમાં રહેતા અને હોટલમાં કામ કરતા રાજન રણબહાદુરસીંગ કેશી ઉ.વ.૩૨ નામના નેપાળી યુવાનનો આજે સાંજના સમયે પોતાના રૂમેથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.સીટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, પીઆઈ એન.બી.ડાભી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને યુવાનને માથાના ભાગે લાગેલાના નિશાન હોય હોવાથી હત્યાની આશંકાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. યુવાનના મૃતદેહને પોસ્ટ મોર્ટમમાં મોકલીને પ્રાથમિક રીપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.તો પોલીસે બીજી બાજુ હોટલમાં સાથે કામ કરતા કર્મચારીઓની પણ પુછપરછ કરવામાં આવી રહી છે અને યુવાનના પરિવારજનોને પણ જાણ કરી દેવામાં આવી છે. આ બનાવથી શહેરમાં ચકચાર વ્યાપી ગઈ છે.

મોરબીના લાલપર ગામે બાઈક પરથી પટકાતા પ્રૌઢને માથામાં ગંભીર ઈજા, સારવાર પૂર્વે મોત

મોરબી તાલુકાના લાલપર ગામ પાસે રોડ પર બાઈક અકસ્માતમાં ૫૨ વર્ષીય પ્રૌઢનું મોત થયું છે. પાછળથી આવેલી બીજી બાઈક અથડાતાં તેઓ રોડ પર આવેલી પાળી પર પટકાયા હતા. જેથી માથામાં ગંભીર ઈજા થતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે. અપમૃત્યુ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી શહેરના રવાપર રોડ ખાતે વર્ધમાન એપાર્ટમેન્ટમાં રહેતા સુરેશભાઈ ચતુરભાઈ દેત્રોજા ઉવ.૫૨ વાળા ગઈકાલ તા.૦૧-૦૨ ના રોજ રાત્રીના ૮.૩૦ વાગ્યા આસપાસ મોરબી તાલુકાના લાલપર ગામ પાસે બાઈક લઈને ઉભા હતાં ત્યારે ત્યાં પાછળથી બીજી બાઈક આવીને ભટકાતાં ત્યા આવેલ પાળી પર પડતાં માથામાં ગંભીર ઈજા થતાં સુરેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકની મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવર, ફરજ ઉપરના ડોક્ટરે પોલીસને જાણ કરતા, પોલીસ સ્થળ ઉપર પહોંચી અ.મોતની નોંધ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

પડધરી સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસ 'અમૃત ભારત યોજના' હેઠળ ૭.૫૯ કરોડના ખર્ચે કાયાકલ્પ

મુસાફરો માટે આધુનિક, સુરક્ષિત અને સુવિધાજનક સ્ટેશનની દિશામાં મોટું કદમ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત ૭.૫૯ કરોડના ખર્ચે પડધરી સ્ટેશનનું વ્યાપક પુનઃવિકાસ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્ય કલા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.

મુસાફરીનો અનુભવ બદલી નાખનારા મુખ્ય ફેરફારો

સ્ટેશનને સંપૂર્ણપણે 'દિવ્યાંગજન અને વડીલો માટે અનુકૂળ' બનાવવામાં આવ્યું છે. વિસ્તૃત સર્કર્યુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. સ્ટેશનને નીચે મુજબની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે

ભવ્ય સ્ટેશન બિલ્ડિંગ ૩૬૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી આધુનિક સ્થાપત્ય શૈલીથી નિર્મિત નવી ઇમારત, જે મુસાફરોને ભવ્ય પ્રવેશદ્વાર પૂરો પાડે છે.

આધુનિક કોન્કોર્સ ૧૦૬૦ ચોરસ ફૂટનો ખુલ્લો અને વિશાળ વિસ્તાર, જ્યાં મુસાફરો ભીડ વગર સરળતાથી અવરજવર કરી શકે છે.

ડીલક્સ પ્રતીક્ષા ખંડ ૨૧૮ ચોરસ ફૂટનું આરામદાયક વિશ્રામ ગૃહ, જેમાં ઉત્તમ વેન્ટિલેશન અને બેસવાની શ્રેષ્ઠ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

વિશાળ ફૂટ ઓવર બ્રિજ મુસાફરોની સુરક્ષિત અવરજવર માટે ૧૨ ફૂટ પહોળો નવો પુલ, જે પ્લેટફોર્મ ૧ અને ૨ ને જોડે છે.

વિશાળ કવર શેડ પ્લેટફોર્મ પર ૫૩૭૦ ચોરસ ફૂટનો નવો શેડ બનાવવામાં આવ્યો છે, જે મુસાફરોને તડકા અને વરસાદથી રક્ષણ આપશે.

સ્માર્ટ પાર્કિંગ ૧૫૫૦ ચોરસ ફૂટનો સમર્પિત પાર્કિંગ વિસ્તાર, જે વધુ વાહનોને વ્યવસ્થિત રીતે સમાવી શકશે.

દિવ્યાંગજન-અનુકૂળ સુવિધાઓ સર્વસમાવેશી મુસાફરી માટે ટેક્ટાઈલ ટાઈલ્સ, વિશેષ સાઈન બોર્ડ, હેન્ડ્રેરેલ્સ અને સમર્પિત પાર્કિંગ સ્લોટની વ્યવસ્થા.

અદ્યતન શૌચાલય બ્લોક ૧૧૪૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું અને આધુનિક સુવિધાઓથી સજ્જ નવું શૌચાલય સંકુલ.

હાઈ-માસ્ટ લાઈટિંગ સમગ્ર પરિસરને પ્રકાશિત કરવા માટે નવા ઇલેક્ટ્રિક પોલ અને હાઈ-માસ્ટ લાઈટ્સની સ્થાપના, જેનાથી રાત્રિના સમયે સુરક્ષા વધશે.

સરળ પ્રવેશ અને નિકાસ ભીડના નિયંત્રણ માટે ૦૮ ફૂટ પહોળા દ્વાર અને સ્ટેશન એપ્રોચ રોડનું વિસ્તૃતીકરણ તેમજ સપાટી સુધારણા.

બહેતર મુસાફરી અનુભવનો સંકલ્પ : રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ''અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પડધરી સ્ટેશનનો આ પુનઃવિકાસ મુસાફરો માટે સરળતા અને ગૌરવપૂર્ણ મુસાફરીના નવા માપદંડ સ્થાપિત કરશે. આધુનિક પ્રતીક્ષા ખંડોમાં બેસવાની ઉત્તમ વ્યવસ્થા, વેન્ટિલેશન અને શાંત વાતાવરણ મુસાફરોનો અનુભવ વધુ સુખદ બનાવશે. આધુનિક માહિતી પ્રણાલી, બહેતર પ્રકાશ વ્યવસ્થા, સ્વચ્છ પરિસર અને સુવ્યવસ્થિત પ્રવેશ-નિકાસ મુસાફરોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે.''

બસમાં અજાણી ગર્ભવતી મહિલાનો સહારો બની ૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઈનઃ પરિવાર સાથે મિલન કરાવ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ તરફ આવતી બસમાં એક ગર્ભવતી બહેન રડતી હાલતમાં મળી આવતા માનવતા, સતર્કતા અને ફરજપરાયણતાનો જીવંત દાખલો સામે આવ્યો. મુસાફરોની સંવેદનશીલતા, બસ સ્ટાફની સહકારભાવના તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઈન અને ૧૧૨ ટીમની ઝડપી કામગીરીથી મહિલાને સુરક્ષિત આશરો મળ્યો છે.

ગર્ભવતી મહિલા વડોદરા જવાની છે. આશરે છ માસ અગાઉ માતા-પિતાની મંજૂરી વિના પ્રેમલગ્ન કર્યા બાદ પતિ-પત્ની વચ્ચે મતભેદ જવા બાબતે બોલાચાલી થઈ હતી. પતિ દ્વારા મતભેદ લઈ જવાની ના પાડતા વાદવિવાદ વધ્યો અને બહેનને ઘરેથી નીકળી ગયા. ત્યારબાદ મહિલા વડોદરાથી બસ મારફતે રાજકોટ આવ્યા હતા.

મુસાફરોએ બહેનની દયનીય હાલત જોઈ તાત્કાલિક ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર જાણ કરી હતી. જાણ મળતાં જ ૧૮૧ મહિલા હેલ્પલાઈન અને ૧૧૨ ટીમ સ્થળ પર પહોંચી ત્વરિત કાર્યવાહી હાથ ધરી અને જરૂરી કાઉન્સેલિંગ કરી સમાધાન કરાવ્યું હતું.

નાટ્ય અને નૃત્યમાં ચમકશે બાળ પ્રતિભા, રાજકોટમાં રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજ્યકક્ષાની બાળ નાટ્ય અને નૃત્ય નાટિકા સ્પર્ધા તા. ૨/૨/ અને તા. ૩/૨ના રોજ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે યોજાશે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ડ્યેરી, રાજકોટ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.આ રાજ્યસ્તરીય સ્પર્ધામાં ગુજરાતભરના પ્રતિભાશાળી બાળ કલાકારો દ્વારા નાટ્ય અને નૃત્ય નાટિકાની મનોહર રજૂઆતો કરવામાં આવશે, જે બાળ સર્જનાત્મકતા, સંસ્કૃતિ અને કલાત્મક અભિવ્યક્તિ પ્રસ્તુત કરશે. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધા નિઃશુલ્ક માટે કલાપ્રેમી નાગરિકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા જણાવવામાં આવે છે.

CISF દ્વારા આયોજિત 'વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન' રેલી જામનગરના જોડિયા ખાતે આવી પહોંચતા ભવ્ય સ્વાગત કરાયું

મુખ્ય સમાચાર, જામનગર

દેશની દરિયાઈ સીમાઓની સુરક્ષા અને રાષ્ટ્રીય એકતાના ઉમદા હેતુ સાથે નીકળેલી 'વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન રેલી' જામનગર જિલ્લાના જોડિયા ખાતે આવી પહોંચતા તેનું ભવ્ય અને હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કચ્છના લખપતથી શરૂ થયેલી આ સાહસિક રેલીમાં ૬૫ જેટલા ઉત્સાહી યુવાનો સહભાગી થયા છે, જેઓ કેરળના કોચીન સુધીનું અંદાજે ૩૫૦૦ કિલોમીટરનું લાંબુ અંતર સાયકલ દ્વારા પૂર્ણ કરશે.

જોડિયા ખાતે આયોજિત સ્વાગત કાર્યક્રમમાં જોડિયા હુસ્સર શાળાની બાળાઓ અને CISF ના જવાનો દ્વારા લાઠી પ્રદર્શન, યોગ અને માનવ પિરામિડ જેવા શૌર્યપૂર્ણ નિદર્શનો રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે જ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો થકી ઉપસ્થિત જનમેદનીમાં દેશભક્તિની લહેર ફરી વળી હતી.આ અંગે વિગતો આપતા સી.આઈ.એસ.એફ. ના ડેપ્યુટી કમાન્ડન્ટ સંદીપ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, આ રેલી માત્ર પ્રવાસ નથી પરંતુ માર્ગમાં આવતા તટીય ગામોની મુલાકાત લઈ તેમની સમસ્યાઓ સમજવાનો અને સંસ્કૃતિના આદાન-પ્રદાનનો એક સેતુ છે. આ પ્રવાસ દરમિયાન ખાસ કરીને દરિયાઈ સુરક્ષા અંગે સ્થાનિક લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.આ કાર્યક્રમમાં ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, પ્રોલ પ્રાંત અધિકારી સ્વપ્નિલ સિસલે, સહિતના મહાનુભાવો અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શેઠ કાકુભાઈ જીવણદાસ ઝવેરી હુસ્સર ઉદ્યોગ સંસ્થાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.આ તકે સંસ્થાના ટ્રસ્ટીઓ પાર્થભાઈ સુખપરિયા, પુનિતભાઈ શેઠ અને અશોકભાઈ વર્માએ પણ હાજર રહી સાયકલિસ્ટોનો ઉત્સાહ વધાર્યો હતો.

મોરબીના ચકચારી ડબલ મર્ડર કેસમાં કોર્ટનો ચુકાદો, ચાર આરોપીને આજીવન કારાવાસ

પૂર્વ પાલિકા ઉપપ્રમુખ અને તેના પુત્રની નિર્મમ હત્યામાં ચાર આરોપીઓને આજીવન કેદ તથા ૩૦ હજારનો દંડ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી વર્ષ ૨૦૨૧માં મોરબી શહેરમાં બનેલા ચકચારી ડબલ મર્ડર કેસમાં એડિશનલ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. પૂર્વ પાલિકા ઉપપ્રમુખ ફારૂકભાઈ મોટલાણી અને તેમના પુત્ર ઈન્તિયાઝ મોટલાણીની નિર્મમ હત્યાના કેસમાં કોર્ટે ચાર આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા તથા રૂ.૩૦ હજારનો દંડ ફટકાર્યો છે.

મોરબી શહેરના વિસીપરા વિસ્તારમાં આવેલી મદીના સોસાયટીમાં રહેતા પૂર્વ પાલિકા ઉપપ્રમુખ ફારૂકભાઈ ઈબ્રાહીમભાઈ મોટલાણી અને તેમના પુત્ર ઈન્તિયાઝ મોટલાણી પર રાત્રિના સમયે તેમના જ ઘર નજીક છરી તથા ધારીયાથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બંનેને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમના મોત નિપજ્યા હતા, સમગ્ર ઘટનાને લઈ મોરબી શહેરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે મૃતક ફારૂકભાઈના પત્ની રઝીયાબેન મોટલાણીએ મોરબી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ચૂંટણી સમયગાળાની જૂની રાજકીય રંજિશના કારણે આરોપીઓએ પૂર્વ આયોજન મુજબ આ હત્યાઓ કરી હતી. ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી ડાડો ઉર્ફે દાદુ ઉર્ફે રફીક તાજમહમદ જેડા, અસગર જાકમ ભટ્ટી, જુસબ જાકમ ભટ્ટી અને આસિફ સુમરા સહિતના આરોપીઓની ધરપકડ કરી હતી. આ ઘટનામાં કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરની સંડોવણી પણ સામે આવી હતી, જેના વિરુદ્ધ જુવેનાઈલ જસ્ટિસ કાયદા હેઠળ અલગથી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કેસની વિસ્તૃત સુનાવણી મોરબીના એડિશનલ સેશન્સ જજ કે.આર. પંડ્યા સાહેબની કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફથી સરકારી વકીલ વી.સી. જાની દ્વારા આરોપીઓ વિરુદ્ધ મજબૂત દલીલો તથા પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. તમામ સાક્ષી, દસ્તાવેજી પુરાવા અને દલીલોને ધ્યાનમાં રાખી કોર્ટે ચારેય આરોપીઓને દોષિત ઠેરવી ચારેય આરોપીઓને આજીવન કેદની સજા સાથે રૂ.૩૦,૦૦૦/-નો દંડ ફટકારવામાં આવ્યો છે તથા તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ આપવામાં આવ્યો છે.

સમાચાર સંક્ષીપ્તમાં

મોરબી પંખા સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ લેતા આધેડનું મોત

મોરબી શહેરની ધર્મ સુષ્ઠી સોસાયટીમાં રહેતા ૪૩ વર્ષીય આધેડે પોતાના રહેણાંક મકાને પંખા સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેમનું મોત થયું છે. બનાવ અંગે મોરબી સીટી એ ડીવીઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબીમાં ધર્મ સુષ્ઠી સોસાયટી વિસ્તારમાં રહેતા નિકેતભાઈ ત્રિકમજીભાઈ ડાભી ઉવ.૪૩એ ગઈકાલ તા.૦૧/૦૨ના રોજ પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર પંખા સાથે ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા તેમને સરકારી હોસ્પિટલ મોરબી ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબે જોઈ તપાસી નિકેતભાઈને મરણ જાહેર કર્યા હતા. ત્યારે મૃત્યુના બનાવ અંગે પોલીસે અ.મોતની એન્ટ્રી કરી આગળની તપાસ ચલાવી છે.

વાંકાનેરના પલાસડી ગામે પાણીની મોટરમાં વીજશોક લાગતા મહિલાનું મૃત્યુ

વાંકાનેર તાલુકાના પલાસડી ગામમાં એક કરૂણ બનાવ સામે આવ્યો છે, જેમાં પલાસડી ગામે રહેતા પાર્વતીબેન નરેન્દ્રભાઈ પરમાર ઉવ.૩૭ પોતાના રહેણાંક મકાનના ફળીયામાં પાણી ચડાવવાની ઈલેક્ટ્રીક મોટર પાસે હતા. આ દરમિયાન મોટરને અડતા અચાનક શોર્ટ લાગતાં તેમને વીજશોક લાગ્યો હતો, જેના કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં તેમને વાંકાનેર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ ઉપર હાજર તબીબ દ્વારા મરણ ગયા અંગેનું જાહેર કરી વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે અ.મોત રજીસ્ટર કરી વધુ તપાસ ચલાવી છે.

મોરબીના વાવડી રોડ ભક્તિનગર સોસાયટીમાં ઘર પાસે પાર્ક કરેલ બાઇક તસ્કરો ઉપાડી ગયા

મોરબી શહેરમાં વધુ એક બાઇક ચોરીની ઘટના સામે આવી છે, જેમાં શહેરના વાવડી ગામે ઉમિયા પાર્ક સોસાયટીમાં રહેતા લખજી રોહડસિંહ સોઢા ઉવ.૩૨ એ એ ડિવિઝન પોલીસ મથકમાં બાઇક ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા અનુસાર, ગત તા.૩૦/૦૧ના રોજ લખજી સોઢાના ઘરે કર્નિચરનું કામ કરતા દેવીસિંગ તેનું સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-એક્સ્યુ-૬૪૧૦ લઈને વાવડી રોડ ભક્તિનગર સોસાયટી ખાતે લખજી સોઢાનું સ્પ્લેન્ડર બાઇક લઈને ગયા હતા. ત્યારે દેવીસિંગે ઉપરોક્ત બાઇક તેના ઘર પાસે પાર્ક કર્યું હતું , જે બીજે દિવસે સવારે પાર્ક કરેલ જગ્યાએ મળી ન આવતા, બાઇકની સોસાયટીની આજુબાજુ તપાસ કરી હતી પરંતુ બાઇક મળ્યું નહિ, જેથી લખજી સોઢા દ્વારા બાઇક ચોરી અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મોરબીના ભક્તિનગર સર્કલ પાસે કાર ચાલક નશો કરેલ હાલતમાં ૬ નંગ બિયર સાથે પકડાયો, સપ્લાયરનું નામ ખુલ્યું

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ભક્તિનગર સર્કલ નજીક મારૂતિ સુઝુકીની સિયાઝ કાર રજી.ન. જીજે-૧૨-ઈઈ-૦૬૦૧ સર્પાકાર ચલાવીને આવતા આરોપી હરેશભાઈ નરશીભાઈ દેવાયતકા ઉવ.૩૩ રહે. રાજકોટ સેટેલાઈટ ચોક રાજ રેસિડેન્સી વાળાને રોકી તપાસ કરતા, કાર ચાલક નશો કરેલ હાલતમાં હતો, ત્યારે કારની તલાસી લેતા તેમાંથી ઈંગ્લિશ બિયરના ૬ ટીન કિ.રૂ.૭૨૦/- મળી આવતા, પોલીસે કાર તથા બિયરના ટીન સહિતના મુદ્દામાલ સાથે આરોપી હરેશભાઈની અટક કરી હતી. જ્યારે પ્રાથમિક પૂછતાછમાં આ બિયરનો જથ્થો વેચાણ અર્થે રાકત શનાળા ગામના મહાવીરસિંહ ઝાલા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપી હતી. ત્યારે હાલ સીટી એ ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારામાં સર્વિસ કરાવવા બાબતે સર્વિસ સ્ટેશનમાં બોલાચાલી ઝઘડો, તોડફોડ

મુખ્ય સમાચાર, મોરબી

ટંકારા-રાજકોટ હાઇવે રોડ પર આવેલ દ્વારકાધીશ સર્વિસ સ્ટેશનમાં વાહનની સર્વિસ કરાવવા બાબતે બોલાચાલી ઝઘડો થયો હતો. આ ઝઘડામાં આરોપીએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી સાથે સર્વિસ સ્ટેશનમાં તોડફોડ કરી હતી. આ મામલે સર્વિસ સ્ટેશનના માલીકની ફરિયાદને આધારે ટંકારા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ટંકારા-રાજકોટ હાઇવે રોડ પર આવેલ દ્વારકાધીશ સર્વિસ સ્ટેશનમાં ગત તા.૩૦/૦૧ના રોજ રાત્રિના સમયે વાહન સર્વિસ કરાવવા બાબતે બોલાચાલી ઝઘડાનો બનાવ બન્યો હતો. જેમાં દ્વારકાધીશ સર્વિસ સ્ટેશનના માલીક

ફરીયાદી આરિફભાઈ હાજમભાઈ અબરાણી ઉવ.૩૫ રહે. ટંકારા મોરબી નાકાની બાજુમાંએ ટંકારા પોલીસ મથકમાં આરોપી કાસમભાઈ ઈબ્રાહિમભાઈ આમરોણીયા રહે.ટંકારા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં ફરિયાદીની માલિકીની દ્વારકાધીશ સર્વિસ સ્ટેશનમાં આરોપી કાસમભાઈ આમરોણીયા દ્વારા ત્યાં કામ કરતા મજૂરો સાથે સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી કરવામાં આવી હતી. જે બાદ આરોપીએ બોલાચાલી દરમિયાન બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી તેમજ સર્વિસ સ્ટેશનમાં રહેલ નળી, ડોલ, ઈલેક્ટ્રિક બોર્ડ તથા અન્ય સામાનની તોડફોડ કરી, શટર ઉપર લોખંડના પાઈપથી માર મારી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માલધારી ફાટક પાસે અજાણ્યા વાહનની ઠોકરે પુત્રની નજર સામે પિતાનું મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

માલધારી ફાટક પાસે વાવડીમાં આવેલા કારખાનેથી પુત્ર સાથે બાઈક પર પરત ઘરે જઈ રહેલા ૭૧ વર્ષીય વૃદ્ધને પૂરપાટ ઝડપે આવતા એક અજાણ્યા ટ્રક ચાલકે અડફેટે લેતા તેમનું મોત નીપજ્યું છે. આ અંગેની વિગતો મુજબ મૂળ અમરેલીના બગસરા તાલુકાના મુજપરાસર ગામના વતની અને હાલ રાજકોટના કોઠારીયા ગામમાં રહેતા મગનભાઈ રામજીભાઈ વાળા (ઉ.વ. ૭૧) રવિવારે સવારે ૧૦:૩૦ વાગ્યા આસપાસ તેમના પુત્ર જીગ્નેશભાઈ સાથે બાઈક પર જઈ રહ્યા હતા.

જીગ્નેશભાઈ વાવડી પાસે કારખાનું ધરાવે છે, જ્યાંથી પિતા-પુત્ર કામ પતાવીને પરે પરત ફરી રહ્યા હતા. માલધારી ફાટક પુલ નીચેથી પસાર થતી વખતે એક અજાણ્યા ટ્રક ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં મગનભાઈના શરીર પરથી ટ્રકનું ટાયર ફરી વળતા ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે આજોઠેમ પોલીસ મથકના સ્ટાફે ફરાર ટ્રક ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

વાંકાનેરના વિઠ્ઠલપર ગામ નજીક કારમાંથી વિદેશી દારૂની ૨૫૨ બોટલ સાથે એકની અટક, એક ફરાર જાહેર

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેર તાલુકા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વિઠ્ઠલપર ગામના પાટીયા પાસે એકસ્ટર કારમાંથી ભારતીય બનાવટનો અલગ અલગ બ્રાંન્ડનો વિદેશી દારૂની કુલ ૨૫૨ નંગ બોટલ કિ.રૂ.૨,૭૭,૨૦૦/- નો મુદ્દામાલ સાથે કાર ચાલક આરોપીની અટક કરી હતી. જ્યારે પકડાયેલ આરોપીની પૂછતાછમાં અન્ય એક આરોપીની સંડોવણી ખુલતા પોલીસે વિદેશી દારૂ, મોબાઈલ તથા કાર સહિત કુલ રૂ.૭.૮૨ લાખના મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ ઈન્સ્પેકટર બી.વી.પટેલ તથા પી.એસ.આઈ. પી.કે.સોધમ તેમજ તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમ પ્રોહીબીશન ડ્રાઈવ અનુસંધાને પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન પોલીસ ઈન્સ. બી.વી.પટેલને મળેલ ખાનગી બાતમી આધારે વાંકાનેર તાલુકાના વિઠલપર ગામનાં પાટીયા પાસે રોડ ઉપરથી પસાર થઈ રહેલ ઘુન્ડાઈ કંપનીની એક્સ્ટર કાર રજી નં. જીજે-૦૩-પીએમ-૫૭૫૫ માંથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો બોટલો નંગ-૨૫૨ કિ રૂા.૨,૭૭,૨૦૦/- ના તથા કાર, મોબાઈલ સહીત કુલ રૂા.૭,૮૨,૨૦૦ -મુદ્દામાલ સાથે કાર ચાલક આરોપી સુનીલભાઇ હરેશભાઇ ઉર્ફે હકાભાઇ સાકરીયા ઉવ.૩૦ રહે.૧૫૦ ફુટ રીંગરોડ બાલાજી હોલની પાછળ સાગર ચોક આર એમ સી ક્વાટર બ્લોક નં ૧ ક્વાટર નં ૧૨૨૨ વાળાને પકડી પાડી જ્યારે અન્ય આરોપી સીરાજભાઇ રજાકભાઇ લીંગડીયા રહે. ખ્વાજા ચોક જંગલેશ્વર રાજકોટ વાળો સ્થળ ઉપર હાજર નહી મળી આવતા તેને શોધી કાઢવા ચક્રો ગતીમાન કરી વાંકાનેર તાલુકા પોકીસે બન્ને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરમાં લીંબાળા ધાર નજીક કારમાંથી ૧૦૯ દારૂના ચપલા ઝડપાયા, એકની અટક

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેર સીટી પોલીસે પૂર્વ બાતમીના આધારે નેશનલ હાઈવેની બાજૂમાં લીંબાળા ધાર નજીક ખુલ્લા મેદાનમાં રેઇડ કરી કારમાંથી વિદેશી દારૂના ૧૦૯ ચપલા ઝડપી લીધા છે. આ મામલે કાર ચાલકની અટક કરી દારૂ અને કાર સહિત કુલ રૂ.૨.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન દ્વારા દારૂની ગેરકાયદેસર હેરાફેરી સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અનુસંધાને ગઈકાલ તા.૩૧/૦૧ના રોજ પૂર્વ બાતમીના આધારે વાંકાનેર લીંબાળા ધાર વિસ્તારમાં, નેશનલ હાઈવેની બાજૂમાં કેનેડી કોમ્પ્લેક્ષ સામે આવેલ ખુલ્લા મેદાનમાં પોલીસ ટીમે રેઇડ કરી હતી. રેઇડ દરમિયાન મારૂતિ વેગનઆર કાર રજી. નં.જીજે-૩૬-એએલ-૨૫૫૪ની તલાસી લેતા તેમાથી ઈંગ્લીશ દારૂના ૧૮૦મીલી.ના કુલ ૧૦૯ ચપલા કિ.રૂ.૮,૭૨૦/- મળી આવ્યા હતા, આ સાથે કાર ચાલક આરોપી રાજદીપસિંહ રઘુરાજસિંહ વાળા ઉવ.૨૫ રહે. ગારીયા ગામ તા.વાંકાનેર વાળાની અટકાયત કરવામાં આવી છે. હાલ વાંકાનેર સીટી પોલીસે કાર તથા દારૂ સહિત રૂ.૨,૫૮,૭૨૦/-ના મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો જોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના પાનેલી ગામે અગમ્ય કારણોસર યુવકે ઝેરી દવા પી લેતા મોત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી તાલુકાના પાનેલી ગામે રહેતા યુવકે કોઈ અકળ કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબી તાલુકાના પાનેલી ગામે એક દુ:ખદ બનાવ સામે આવ્યો છે, જેમાં ૨૧ વર્ષીય પેથાભાઈ ભાણાભાઈ ચદ્રેશાણીયા નામના યુવકે ગત તા.૨૯/૦૧ના રોજ પોતાની વાડીમાં કોઈ અકળ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. બનાવની જાણ થતાં યુવકને તાત્કાલિક સારવાર માટે મંગલમ હોસ્પિટલ મોરબી ખાતે દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૧ના રોજ તેનું મોત નિપજ્યું હતું. હાલ મૃત્યુના બનાવ અંગે તાલુકા પોલીસે અ. મોત દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

ટંકારા ખાતે સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કર્યાની ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર, મોરબી

ટંકારા ટાઉનમાં ૧૪ વર્ષીય સગીરાના અપહરણની ઘટના અંગે ભોગ બનનારની માતા દ્વારા પોલીસ મથકમાં એક શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ ટંકારા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. ટંકારા તાલુકામાં કારખાનામાં મજૂરી કરતા પરિવારની ૧૪ વર્ષીય સગીર વયની દીકરીને ગત તા.૧૪/૦૧ના રોજ આરોપી સુનિલ મોતીલાલ મહતો રહે. બિહાર વાળો લલચાવી ફોસલાવી અપહરણ કરીને લઈ ગયો હોય ત્યારે પીડિતાની માતાની ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીની સરસ્વતી સોસાયટી નજીક વિદેશી દારૂની ૮ બોટલ સાથે એકને દબોચી લેવાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સામાકાંઠા વિસ્તારમાં સરસ્વતી સોસાયટી નજીક રોડની સાઈડમાં શંકાસ્પદ હાલતમાં ઉભેલ આરોપી અરમાન ઉર્ફે ભાણો ઈકબાલભાઈ જુનેજા ઉવ.૨૧ રહે.ભક્તિનગર મફતીયાપરા સર્કિટ હાઉસ સામે મોરબી-૨ વાળા પાસેથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૮ બોટલ કિ.રૂ.૯,૦૦૦/-મળી આવી હતી. જેથી બી ડિવિઝન પોલીસે તેની અટકાયત કરી આગળની કાર્યવાહી કરી છે.

જસદણ પાસે ૩.૬.૧૬ લાખનો વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઇ: ચાલક ફરાર

સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ગ્રામ્ય એલસીબીએ દરોડો પાડ્યો: કાર સહિત ૩.૧૬.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરની શોધખોળ આદરી



મુખ્ય સમાચાર, રાજકોટ

ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ પર જ હોય તેમ છાસવારે વિદેશી દારૂનો જથ્થો પકડાતો હોવાના સમાચારો રોજબરોજ અખબારોમાં પ્રસિધ્ધ થઇ રહ્યા છે ત્યારે વધુ એકવાર દારૂના કટીંગ માટે સ્વર્ગ સમાન ગણાતું જસદણ પંથકમાં રૂરલ એલસીબીની ટીમે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી લઇ ૩.૧૬.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના ઇન્ચાર્જ પીઆઇ એફ.એ.પારધીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, એએસઆઇ બાલકૃષ્ણભાઇ, અમિતસિંહ, હેડ કોન્સ. શિવરાજભાઇ સહિતનો સ્ટાફ જસદણ પંથકમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રાત્રીના સમયે વિદેશી દારૂ ભરેલી કાર જસદણ પાસેથી નિકળવાની હોવાની હકિકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન એક ટાટા કંપનીની હેરીયર કાર નં.જીજે૨૩સીબી૧૨૩૧ માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીછો કરતા ચાલકે અંધારાનો લાભ લઇ અચાવચૂ સ્થળે કાર રેકી મુકી નાસી ગયો હતો. પોલીસે કારની તલાસી લેતા વિદેશી દારૂની નાની-મોટી બોટલ તથા બિયરના ટીન સહિત ૩.૬.૧૬ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત ૩.૧૬.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા ચાલક અને કાર નંબરના આધારે માલિકની શોધખોળ શરૂ કરી છે.

કુવાડવાપાસે મેરીગોલ્ડ કંપનીમાં યુવકે ઝાડમાં દોરડું બાંધી ફાંસો ખાઈ લીધો

પ્રેમ કર્યો તેને પામી ન શકતાં યુવકે જીવન ટૂંકાવી લીધું

મુખ્ય સમાચાર, રાજકોટ

કુવાડવા નજીક મેરીગોલ્ડ કંપનીમાં રહેતા યુવકે અહીં જ ઝાડમાં દોરડું બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકે પ્રેમિકાને પામી ન શકાતાં આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

આ અંગેની વિગતો મુજબ, મેરીગોલ્ડ કંપનીમાં રહી મજૂરી કામ કરતો ૧૯ વર્ષીય રામજી અશ્વિન વાનાણી નામના યુવકનો મૃતદેહ કંપનીના કમ્પાઉન્ડમાં એક ઝાડ સાથે લટકતી હાલતમાં મળી આવ્યો હતો. વહેલી સવારે અહીં કામ કરવા આવેલા શ્રમિકોએ પોતાના સાથીની આ હાલત જોઈને દેકારો કરી મૂક્યો હતો. બનાવ અંગે જાણ થતાં કુવાડવા પોલીસ મથકમાં એએસઆઈ મયુર આજાગ્રા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક રામજીને કોઈ યુવતી સાથે પ્રેમ હોય જેથી બંનેએ પરિવારને જાણ કરી હતી પરંતુ યુવતીના પરિવારે લગ્નની ના પાડતાં હતાશામાં સરી પડી આ પગલું ભરી લીધું હતું. વધુમાં મૃતક ચાર ભાઈ એક બહેનનાં મોટો હતો. યુવાન પુત્રના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આપઘાતના બીજા બનાવમાં વિરાણી સ્કૂલ પાછળ આવેલી સર્વોદય સોસાયટી શેરી નં.-૫માં રહેતા વિશાલ ગોવિદભાઈ પેઠલીયા (ઉ.વ ૨૪) નામના યુવકે રવિવારે બપોરે ઘરે પોતાના રૂમમાં પંખામાં દોરડું બાંધીને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનવાની જાણ થતાં એડવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ધર્મેશ પરમાર અને રાઇટર પ્રવીણ સિંધવ સ્થળ પર દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસમાં મૃતક કાચનો વેપાર કરતા હતા દોઢ વર્ષ પહેલા તેમના છૂટાછેડા થઈ ગયા હતા ત્યારે યુવકે ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આજીડેમ ચોકડી પાસે રાત્રે બે વાગ્યે બાજરાના બાચકામાં ગાંજાની હેરાફેરી કરતો શખ્સ પકડાયો

બાલાજી રેસ્ટોરન્ટની સામે ૩.૬૦ કિલો ગાંજાની ડિલિવરી કરવા આવેલા યુવકને દબોચતું એસઓજી: રાજસ્થાનથી જથ્થો લાવ્યો'તો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેર અને જિલ્લામાં દારૂની જેમ જ હવે ગાંજાની બેફામ હેરાફેરી શરૂ થઈ ગઈ હોય ઠરજેજ કોઈને કોઈ વિસ્તારમાંથી જથ્થો પકડાઈ રહ્યો છે. આવો જ ૩.૬૦ કિલો ગાંજો કડકડતી ઠંડી વચ્ચે બાજરાના બાચકામાં ભરીને મુળ સ્થાને પહોંચે તે પહેલાં જ એસઓજીની ટીમે પકડી પાડી એક શખસને દબોચી લીધો હતો. પકડાયેલો શખસ રાત્રે બે વાગ્યે ડિલિવરી કરવા માટે નીકળ્યો હતો. એસઓજી પીઆઈ એસ.એમ.જોડેજા સહિતની ટીમે મધરાત્રે બે વાગ્યે આજીડેમ ચોકડીથી આગળ બાલાજી રેસ્ટોરેન્ટની સામે વોચ ગોઠવી હતી.

આ સમયે અશ્વિન ઉર્ફે જોગીડો પ્રવિણભાઈ સોલંકી (ઉ.વ.૨૨) સ્કૂટરમાં આગળ બાજરાના બાચકામાં ગાંજો ભરીને ઉભેલો જ હોય તેની અટકાયત કરી બાચકાની તલાશી લેવાતાં તેમાંથી ૩.૬૪૬ ગ્રામ ગાંજો મળી આવતાં તેની ધરપકડ કરી પૂછપરછ કરાતાં તે આ ગાંજાની ડિલિવરી કરવા માટે પોતાના મિત્રનું સ્કૂટર લઈને આવ્યો હતો.

આ ગાંજો તે થોડા સમય પહેલાં જ રાજસ્થાનથી લાવ્યો હતો અને અહીં વેચવાનો હતો. પોલીસે નંબર પ્લેટ વગરનું સ્કૂટર, ગાંજાનો જથ્થો સહિત ૨.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અશ્વિનની ધરપકડ કરી હતી.

શિવધારા સોસાયટીમાં પરિણીતાએ પેટ પર ઇંટ બાંધી ટાંકામાં ઝંપલાવી મોત મીઠું કર્યું

બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ઘેરો શોક છવાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના મવડી વિસ્તારમાં આવેલી શિવધારા સોસાયટીમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ૩૫ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર પોતાના પેટ પર ઈંટ બાંધી પાણીના ટાંકામાં પડતું મૂકી જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાને પગલે બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, રાજકોટમાં મવડી નજીક તપન સ્કૂલ પાસે આવેલી શિવધારા સોસાયટી શેરી નંબર-૨ માં રહેતા ચંદ્રિકાબેન રવિભાઈ કપુરીયા (ઉ.વ. ૩૫) રવિવારે સવારે પોતાના ઘરે હતા. દરમિયાન તેમણે તેમણે અત્યંત વિચિત્ર અને આઘાતજનક રીતે બે ગુંદી વડે પોતાના પેટ પર એક મોટી ઈંટ બાંધી હતી અને ફળિયામાં આવેલા પાણીના ટાંકામાં ઝંપલાવ્યું હતું. ઘટનાને અંગે જાણ થતાં ફાયર વિભાગના જવાનો દોડી જઈ પાણીમાં ડૂબેલા ચંદ્રિકાબેનને બહાર કાઢ્યા હતા. દરમિયાન હાજર ૧૦૮ ના સ્ટાફે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતા જ તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ અઢાગીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો પોલીસે જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. મૃતકના લગ્ને ૧૦ વર્ષ થયા હતા તેઓને સંતાનમાંપુત્રી પ્રિસા ઉંમર વર્ષ ૯ અને પુત્ર તૃષાત ઉંમર વર્ષ ૭ છે. બે માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. જોકે તેણીએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે તપાસ યથાવત રાખી છે

રાજકોટ જિલ્લા જેલમાંથી ૧૦૮ દિવસ બાદ મુક્ત થતાં AAPના પ્રવીણ રામ ભાવુક

'એક વર્ષના દીકરાનો જન્મદિવસ ન ઉજવી શક્યો', રાજકોટમાં રમેશ મેરે કહ્યું, જેલમાં જગતાત સાથે આતંકીઓ જેવો વ્યવહાર

મુખ્ય સમાચાર, રાજકોટ

બોટાદના હડદળમાં ખેડૂત સભા સમયે થયેલા પથ્થરમારા બાદ ધરપકડ કરાયેલા આમ આદમી પાર્ટીના પ્રવીણ રામ અને રમેશ મેર સહિતના નેતાઓનો ૧૦૮ દિવસના જેલવાસ બાદ રાજકોટ જેલમાંથી જામીન પર છૂટકારો થતા તેમનું હાર પહેરવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રવીણ રામે ભાવુક થઈને કહ્યું કે, ભાજપ સરકારના ઇશારે અમારી ધરપકડ થઈ અને ૧૦૮ દિવસ જેલમાં જવું પડ્યું. મારા એક વર્ષના દીકરાનો પ્રથમ જન્મદિવસ ન ઉજવી શક્યો. મારા પરિવાર અને ખેડૂતોએ અનેક યાતનાઓ ભોગવી પરંતુ જેલમાંથી છૂટ્યા બાદ અમે હિંમત હાર્યા નથી. કડકા પ્રયાગથી મુક્તિ અપાવીને બહાર આવ્યા છીએ. ૫૪ લાખ ખેડૂતો માટેની લડાઈ ચાલુ રહેશે તેવો હુંકાર કર્યો હતો.

સુરેન્દ્રનગર જીલ્લા 'આપ'ના નેતા રમેશ મેરે કહ્યું જેલમાં કેન્સર પીડિત ખેડૂત દર્દીને કવા ન આપવામાં આવી, કોઈના પરિવારમાં લગ્ન અટકી ગયા તો અન્ય ખેડૂતની પત્ની સગર્ભા હતી. આ રીતે અનેક પરિવારોએ ભાજપના પાપ્રયત્નના કારણે યાતનાઓ ભોગવી તેમ જણાવ્યું હતું.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકાર ૫૪ લાખ ખેડૂતો સાથે કડકાના નામે વર્ષોથી લૂંટ ચલાવી રહી છે. જોકે અમારા નેતા પ્રવીણભાઈ અને રાજુભાઈ સહિતના દ્વારા લડત ચલાવવામાં આવતા સરકારે ઓફિસિયલ પરિપત્ર બહાર પાડવો પડ્યો કે હવેથી કળદો કોઈ કરશે નહીં. અંગ્રેજો પણ ટૂંકા પડે તેવું કામ ભાજપ સરકારે કર્યું છે.

કોટડા સાંગાણી નજીક મોડી રાતે આંખમાં મરચાની ભૂકી નાખી રોકડ, મોબાઈલ, બાઈકની લૂંટ

રાજકોટ કારખાનેથી નોકરી પૂરી કરીને યુવક તેના ગામ રામપરા નવા ગામ જતો હતો ત્યારે ૪ અજાણ્યા શખ્સોએ ચલાવી લૂંટ

મુખ્ય સમાચાર, કોટડા-સાંગાણી

કોટડા સાંગાણી તાલુકાના નારણકા-સોળિયા વચ્ચે ૪ અજાણ્યા ઇસમો શનિવારે મોડી રાત્રે બાઈક ચાલક યુવાનને રોકી તેની આંખમાં મરચું નાંખીને રોકડ, મોબાઈલ તથા બાઈકની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. આ યુવક ૧૦ કિલોમીટર પગપાળા ચાલીને ૨ કલાકે પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, તેની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી લુંટારુઓની શોધખોળ હાથ ધરી છે.

કોટડા સાંગાણી તાલુકાના રામપરા નવા ગામના રહેવાસી અને દરરોજ અપડાઉન કરતા રણજીતભાઈ ભોગ બનેલો યુવક નરેશભાઈ બાબરીયા શનિવારે રાતે ૧ વાગ્યાના અરસામાં રાજકોટના એજે સ્ટીલ નામના કારખાનેથી બાઈક હંકારીને તેના ઘરે જતો હતો ત્યારે રસ્તામાં નારણકા સોળીયા વચ્ચે મેલડી માતાજી ડેરી પાસે બાઈક સાથે રોડેલા ચાર શખ્સોએ તેને આંતરી લીધો હતો. યુવકે પહેરેલું હેલ્મેટ ઉતાર્યું એ સાથે જ તે કંઈ સમજે એ પહેલાં લુંટારુએ તેની આંખમાં મરચાની ભૂકી છાંટી દીધી હતી. બાદમાં તેનું ગળું દબાવી, ફંસડીને સાઈડમાં લઈ ગયા હતા. તેના બેગ અને ખિસ્સામાંથી રોકડા રૂ.૧૨૭૦૦, મોબાઈલ ફોન, એટીએમ કાર્ડ, પાનકાર્ડ, આધારકાર્ડ કાઢી લીધા હતા. બાદમાં ફરીવાર તેની આંખમાં મરચું નાંખીને તેનું બાઈક પર તફડાવીને આ શખસો રાજકોટ તરફ ફરાર થઈ ગયા હતા.

ધોરાજીના સુપેડી નજીકથી કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

પોલીસે ૧૭૯ બોટલ દારૂ અને કાર સહિત ૬.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

મુખ્ય સમાચાર, જેતપુર

એલસીબી પોલીસે મોટી કાર્યવાહી કરીને વિદેશી દારૂની મોટી જમી કરી છે. ધોરાજી તાલુકાના સુપેડીથી વાવડી જતા રસ્તા પર પેટ્રોલિંગ દરમિયાન પોલીસે મહારાષ્ટ્ર રજિસ્ટર્ડ સુઝુકી સિયાઝ કારમાંથી ૧૭૯ બોટલ વિદેશી દારૂ જમ કર્યો છે. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રીજો આરોપી ફરાર છે.

આ અંગેની માહિતી મુજબ વહેલી સવારે ધોરાજી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી એલસીબીની ટીમને એક શંકાસ્પદ કાર દેખાઈ. નંબર MH-12-RK-0242 છે, જે મહારાષ્ટ્રનું છે. કારને અટકાવી તપાસ કરતાં તેમાંથી બદલેન્ટાઈન્સ ફાઈનેસ્ટ, જોની વોકર રેડ લેબલ, બ્લેન્ડર્સ પ્રાઈડ અને માસ્ટર બ્લેન્ડર સિગ્નેચર જેવી વિદેશી બ્રાન્ડની ૧૭૯ બોટલ મળી આવી. આ બોટલોની કુલ કિંમત ૩,૪૪,૪૩૦ રૂપિયા છે. આ ઉપરાંત કારની કિંમત ૩,૦૦,૦૦૦ રૂપિયા, બે મોબાઈલ ફોનની કિંમત ૧૦,૦૦૦ રૂપિયા અને એક આધાર કાર્ડ જમ કરવામાં આવ્યું છે. કુલ જમીની કિંમત ૬,૫૪,૪૩૦ રૂપિયા છે. પોલીસ મહેન્દ્રસિંહ તનસીંહ વેણીદાન રત્નું (ઉંમર ૩૪, રહે. લાલપુરા, તા. ટેકુ, જિ. જોધપુર, રાજસ્થાન), ભગુ કરશનભાઈ ભારાઈ (ઉંમર ૨૮, રહે. ગીરનાર દરવાજા, ભક્તિનગર, જુનાગઢ) અને રાકેશકુમાર ગેહલોત (રહે. લેક ફોરેસ્ટ વાઈન શોપ, પ્લોટ નં. ૪૧, સેક્ટર ૧૮, ગુરૂગ્રામ, હરિયાણા)-નો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, આ દારૂ હરિયાણાના ગુરૂગ્રામથી ભરીને ગુજરાતમાં વેચાણ માટે લાવવામાં આવ્યો હતો. આરોપી મહેન્દ્રસિંહ અને ભગુને ઘટનાસ્થળે જ પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે રાકેશકુમાર ફરાર છે. તેની તપાસ માટે પોલીસે ટીમો મોકલી છે.

રાજકોટમાં વેપારી સાથે ડીઝલ ઓટો કોર્પોરેશનના સંચાલકોની ૨૮.૫૦ લાખ રૂપીયાની ઠગાઈ

કાર એસેસિરીઝના ધંધાર્થી નિમેશ રૂદ્યાણીની ફરિયાદ પરથી એ ડિવિઝન પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ ડીઝલ ઓટો કોર્પોરેશનના સંચાલકોએ આકર્ષક વળતરની લાલચ આપી કાર એસેસિરીઝના વેપારી સાથે અંદાજે રૂા. ૨૮.૫૦ લાખની ઠગાઈ વિશ્વાસઘાત કરતા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

આ બનાવની મળતી વિગતો મુજબ ફરિયાદી નિમેશભાઈ જગજીવનભાઈ રૂદ્યાણી (ઉ.વ. ૫૫, રહે. ૧-હરીહર સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ વાળા જેઓ ટાગોર રોડ પર આવેલી 'પુનીત કાર એસેસરીઝ' નામે વ્યવસાય કરે છે તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ, 'ડીઝલ ઓટો કોર્પોરેશન નામની પેઢીના સંચાલકોએ તેઓને રોકાણ પર ઊંચા વળતરની લાલચ આપી હતી. આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા કે તેઓ મિત્રો અને સંબંધીઓ માટે ખાસ સ્કીમ ચલાવે છે.

જેમાં ૧૦ થી ૧૩ મહિનામાં મોટું વળતર મળશે. આ લોભામણી સ્કીમમાં ફસાઈને ફરિયાદીએ અલગ-અલગ બે સ્કીમોમાં કુલ રૂા. ૩૨,૦૦,૦૦૦ રોકેડેથી રોકાણ કર્યું હતું. ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ શરૂઆતમાં ચેક દ્વારા ત્રણ હપ્તામાં કુલ રૂા. ૩,૫૦,૦૦૦ પરત કર્યા હતા ત્યારબાદ બાકી રહેતી રૂા. ૨૮,૫૦,૦૦૦ની મૂળ રકમ કે તેના પરનું વળતર પરત કરવામાં આવ્યું નહોતું. આ રકમ પરત માંગતા આરોપીઓએ ગલ્લા તલ્લા કરતા અંતે છેતરપિંડી થયા અંગે નિમેશભાઈએ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે 'ડીઝલ ઓટો કોર્પોરેશન' સાથે સંકળાયેલા મહેન્દ્રભાઈ મહેતા સંચાલક, હિતેષભાઈ મહેન્દ્રભાઈ મહેતા સંચાલક, નમનભાઈ હિતેષભાઈ મહેતા સંચાલક, ચંપકભાઈ (કર્મચારી) સામે ગુનો નોંધ્યો છે. આ કેસની વધુ તપાસ પીઆઈ બી.વી. બોરીસાગરની રાહબરીમાં પોલીસ સબ ઈન્સપેક્ટર એચ.જે. સોલંકી ચલાવી રહ્યા છે.

પુત્રીના લગ્નના ચાર દિવસ પૂર્વે બિલ્ડરે જાતે જ રિવોલ્વરમાંથી ગોળી ધરબી લીધી

પરિવારના મોભીએ જ આવું પગલું ભરી લેતા ભારે ગમગીની, પારિવારિક કોઈ કારણ? પોલીસે પરવાનાવાળું હથિયાર કબજે લઇ હાથ ધરી તપાસ

મુખ્ય સમાચાર, સુરત

સુરતના જાણીતા બિલ્ડર તુષાર વેલાણી (ઉ.વ.૫૫)એ પુત્રીના લગ્નના ચાર દિવસ પહેલા જ ગત મોડી રાતે પોતાની પરવાનાવાળી રિવોલ્વરમાંથી જાતે જ માથાના ભાગે ગોળી ધરબી લેતા ગંભીર હાલતમાં મહાવીરહોસ્પિટલમાં ખસેડાયા હતા. પરિવારમાં લગ્નનો ખુશીનો માહોલ હતો, ઘરને મંડપ સજાવટ, ફૂલોથી સજાવવામાં આવ્યું હતું. આજે કંકોત્રી લેખન સહિતની રસમ હતી. ગત રાત્રે ઘરના મોભીએ બે વાગ્યાના અરસામાં પોતાની જ લાઇસન્સ વાળી રિવોલ્વર માંથી જાતે ગોળી વીંધી દીધી હતી. ધડાકા જેવો મોટો અવાજ થતા પરિવારજનો દોડી આવ્યા હતા. લોહિયાળ હાલત-માં નીચે પટકાયેલા તુષારભાઈને ખાનગી પકાથી આ ઈમરજન્સ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા બિલ્ડરલોબી સાથે સંકળાયેલા લોકો નજીકના સ્નેહીઓ સહિતના દોડી ગયા હતા. પોલીસ અધિકારીઓ ઘસી આવ્યા હતા. રિવોલ્વર કબજે લેવાઈ હતી. પુત્રીના ચાર દિવસ બાદ જ તા.૫ના રોજ લગ્ન છે પરિવારમાં લગ્નનો આનંદ હતો. આવા સમયે આવું અત્યાતિક પગલું ભરી લેતા પરિવાર, લગ્નમાં આવેલા કે તૈયારીમાં રહેલા નજીકના સગાસ્નેહીઓમાં ભારે અરેરાટી થઈ ગઈ છે. સુરતમાં આધુનિક આર્કીટેક્ચર, લકઝરીયસ રહેણાંક પ્રોજેક્ટસ માટે બિલ્ડર વેલાણી જાણીતા છે. સુરતમાં મુખ્ય ઓફીસ પાર્લે પોઈન્ટ જોલી કોમ્પલેક્ષ ખાતે આવેલી છે. તબીબો દ્વારા હાલત નાજુક જણાવાતા પરિવાર પર આભ ફાટી પડ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉમરા પોલીસે તપાસ હાથ ધરી છે.

કુવાડવા પાસે અકસ્માત કાર પલટી જતા આધેડનું મોત, મહિલા ઈજાગ્રસ્ત

માર્કેટિંગ યાર્ડ નજીક રહેતા ટ્રાન્સપોર્ટના વેપારીને માથામાં થયેલી ઈજા જીવલેણ નીવડી

મુખ્ય સમાચાર, રાજકોટ

કુવાડવા પાસેના ધમલપર ગામ નજીક અકસ્માત સર્જાયો હતો. સામેથી આવતા વાહનને બચાવવા જતાં કાર રોડ નીચે ઉતરીને પલટી મારી ગઈ હતી. આ દુર્ઘટનામાં રાજકોટના માર્કેટ યાર્ડ વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય રમણીકભાઈ સવજીભાઈ પરમારનું મોત નીપજ્યું છે, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આ ઘટનાની વિગતો મુજબ, સુનીલભાઈ ધામેચા પોતાની કારમાં માતા હંસાબેન અને રમણીકભાઈ સાથે જઈ રહ્યા હતા. ધમલપર સર્કલ પાસે અચાનક સામેથી એક વાહન આવી જતાં તેને બચાવવા માટે સુનીલભાઈએ કાર રોડની નીચે ઉતારી દીધી હતી. જોકે, કાર ફરી રોડ પર ચડાવવા જતાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા રમણીકભાઈને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. મૃતક રમણીકભાઈ ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં કમિશન પર કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના મોતથી એક પુત્ર અને બે પુત્રીઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ઘટના અંગે કુવાડવા પોલીસના પીએસઆઈ સોલંકી સહિતના સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

જેતપુર-ધોરાજી હાઈ-વે પર રિક્ષા પલટી જતાં વૃદ્ધાનું મોત

હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા

મુખ્ય સમાચાર, જેતપુર

જેતપુર-ધોરાજી નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. શનિવારે મોટા ગુંદાળા ગામના ઓવરબ્રિજ પાસે એક પુરઝડપે જતી પિયાગો રિક્ષા પલટી મારી જતાં તેમાં સવાર એક વૃદ્ધાનું ગંભીર ઈજાઓ થવાના કારણે કરુણ મોત નિપજ્યું છે. જામકંડોરણાથી પોતાના પુત્રના ઘરે જેતપુર આવવા નીકળેલા વૃદ્ધાને રસ્તામાં જ કાળ ભેટી જતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ ઘટનાની વિગતો મુજબ, જેતપુરના શિવકૃપા-૧ વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા રજનીશભાઈ હેમતભાઈ રાદડીયાના માતા વનીતાબેન (ઉ.વ. આશરે ૬૫) જામકંડોરણા ખાતે એકલા રહેતા હતા. શનિવાર, ૩૧ જાન્યુઆરીના રોજ વનીતાબેન જામકંડોરણાથી પોતાના પુત્રના ઘરે જેતપુર આવવા નીકળ્યા હતા. તેઓ ધોરાજીથી જેતપુર તરફ જતી એક પેસેન્જર રિક્ષામાં બેઠા હતા.

સવારે ૧૧.૩૦ કલાકે જ્યારે રિક્ષા મોટા ગુંદાળા ગામ પાસે હાઈ-વેનો ઓવરબ્રિજ ઉતરી રહી હતી, ત્યારે રિક્ષા અત્યંત પુરઝડપે અને ગફલતભરી રીતે ચાલતી હોવાથી ચાલકે સ્ટીયરીંગ ગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રિક્ષા રોડ પર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં વનીતાબેનને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તુરંત ૧૦૮ મારફતે તેમને ધોરાજી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. માતાની અંતિમ વિધિ પૂર્ણ કર્યા બાદ પુત્ર રજનીશભાઈએ જેતપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.